અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ માર્ચ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૧૩ | અંક : ૨૬૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજધાનીમાં કિલ્લેબંધીના અહેવાલ, આર્મી ચીફ વકારે અટકળોની નકારી કાઢી

## બાંગ્લાદેશમાં ફરી તખ્તાપલટની વ્યાપક અટકળો વચ્ચે ઢાકામાં આર્મી તૈનાત કરાઈ

### ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીમાં વધારાથી અફવાને વધુ હવા મળી રહી છે, જોકે આર્મી ચીફે આવી કોઇ હિલચાલને નકારી કાઢી હતી



**બાંગ્લાદેશી સેનાના ૯મી ડિવિઝનના સૈનિકોને એકજૂથ કરવામાં આવ્યા છે**

**જોકે જનરલ વકારે ઉતાવળા પગલાં સામે ચેતવણી આપતા કહ્યું હતું કે આવા પગલાંથી દેશને અસ્થિર કરવા માંગતા લોકોને લાભ થશે. શુક્રવારે એક વિદ્યાર્થી નેતાએ પ્રી-રેકોર્ડેડ વીડિયોમાં સેના પ્રમુખ પર વિસ્ફોટક આક્ષેપો કર્યા હતાં. વચગાળાની સરકારમાં સ્થાનિક સરકાર, ગ્રામીણ વિકાસ અને સહકારી મંત્રાલયના સલાહકાર તરીકે સેવા આપતા આસિફ મહમૂદ શોજીબ ભુઇયાએ દાવો કર્યો હતો કે જનરલ વકાર શરૂઆતમાં મુહમ્મદ યુનુસની મુખ્ય સલાહકાર તરીકે નિમણૂકને સમર્થન આપવા તૈયાર ન હતાં.**

। (એજન્સી) ઢાકા, તા.૨૬ ।


બાંગ્લાદેશમાં આર્મી અને વિદ્યાર્થીઓ સંગઠનો વચ્ચે વધતાં જતા તણાવ વચ્ચે ફરી એક વાર તખ્તાપલટની અટકળોને વેગ મળ્યો છે. મિલિટરી સત્તા કબજે કરીને માર્શલ લો કે ઈમર્જન્સીની જાહેરાત કરે તેવી વ્યાપક અફવાઓ ચાલી રહી છે. ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીમાં વધારાથી અફવાને વધુ હવા મળી રહી છે. જોકે આર્મી ચીફે આવી કોઈ હિલચાલને નકારી કાઢી હતી. આર્મી તથા વહીવટીતંત્ર અને વિદ્યાર્થીઓ નેતાઓ વચ્ચે વધતા તણાવને પગલે આર્મી હવે મુહમ્મદ યુનુસની વચગાળાની સરકાર સામે કાર્યવાહી કરશે તેવી ચિંતામાં વધારો થયો છે. ઢાકામાં બાંગ્લાદેશી સેનાની તૈનાતીથી લશ્કરી બળવાની અફવાઓને વધુ વેગ મળ્યો છે. સાવર સ્થિત બાંગ્લાદેશી સેનાના ૯મી ડિવિઝનના સૈનિકોને એકજૂથ કરવામાં આવ્યા છે અને સૈનિકો તબક્કાવાર ધોરણે રાજધાનીમાં પ્રવેશી રહ્યાં હોવાના અહેવાલ હતાં. દેશના અગ્રણી મીડિયા હાઉસ નોર્થીસ્ટ ન્યૂઝે સુરક્ષા સંસ્થાના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે આર્મી ખાસ કરીને ઢાકામાં કિલ્લેબંધી કરવા માગે છે. જોકે આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને સોમવારે અફવાઓને ફગાવી દીધી હતી અને લોકોને ધીરજ રાખવાનો અનુરોધ કર્યો હતો. ઢાકા કેન્ટોનમેન્ટમાં 'ઓફિસર્સ એડ્રેસમાં'માં દેશભરના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓને સંબોધતા જનરલ વકારે સૈન્યના સમર્પણ, પ્રોફેશનાલિઝમ અને પ્રતિકારક્ષમતાની પ્રશંસા કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે ખોટી માહિતી ફેલાતી રોકવી જોઈએ. જનરલ વકારે કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને ઉશ્કેરણીજનક નિવેદનો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મિટ્ટલિટરીએ ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કરવામાં અને યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.તાજેતરના મહિનાઓમાં રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોના વધતા જતાં વિરોધને કારણે તણાવ વધ્યો છે, જેના કારણે લશ્કરી વર્તુળોમાં બેચેની છે. લશ્કરના કેટલાક જૂથો અસંમતિ વ્યક્ત કરનારા અવાજોને દબાવી લેવાની માગણી કરી રહ્યાં છે.

### દક્ષિણ કોરિયામાં આગ વિકરાળ બની

## ૧૩૦૦ વર્ષ જૂનું બૌદ્ધ મઠ, ૨૦૦ ઈમારત રાખ, ૧૮ લોકોના મોત

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૨૬ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં વિનાશ સર્જ્યા બાદ હવે દક્ષિણ કોરિયામાં જંગલમાં લાગેલી આગની ઘટનાએ ભારે તબાહી મચાવી છે. દેશના દક્ષિણ વિસ્તારમાં લાગેલી આ આગમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૮ મૃતકોમાં ચાર ફાયરબ્રિગેડના અને એક સરકારી કર્મચારીનો પણ સમાવેશ થાય છે. બુધવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે આગમાં ૨૦૦ થી વધુ ઈમારતો રાખ થઈ ગઈ હતી. જ્યારે ૨૭ હજારથી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. આ આગને દ.કોરિયાના ઈતિહાસમાં જંગલમાં લાગેલી સૌથી ભીષણ આગ ગણાવવામાં આવી રહી છે. દક્ષિણ કોરિયાના કાર્યવાહક પ્રમુખ હાન ડક-સૂએ કહ્યું છે કે આ આગ ગયા શુક્રવારે લાગી હતી અને તે પહેલા કરતા વધુ ખતરનાક બની ગઈ છે. હાને કહ્યું,



"નુકસાન વધી રહ્યું છે. આટલી મોટી આગ પહેલા ક્યારેય જોવા મળી નથી. આ અઠવાડિયે અમારે અમારી તમામ ક્ષમતા સાથે આગને ઓલવવાનો પ્રયાસ કરવો પડશે." હાને કહ્યું કે ક્રૂ રાતોરાત તીવ્ર પવનને કારણે જંગલની આગને ઓલવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. બુધવારે લગભગ ૪,૬૫૦ ફાયર ફાઈટર્સ, સૈનિકો અને અન્ય કર્મચારીઓ લગભગ ૧૩૦ હેલિકોપ્ટરની મદદથી જંગલમાં લાગેલી આગને ઓલવવાનું કામ કરી રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### વક્ફ સંશોધન બિલના વિરોધમાં લાલુ-તેજસ્વી યાદવના ધરણાં

। (એજન્સી) પટણા, તા.૨૬ ।

પટનામાં વક્ફ સંશોધન બિલ વિરુદ્ધ મુસ્લિમ સંગઠનોનું પ્રદર્શન ચાલું છે. મુસ્લિમ સંગઠનના લોકો ગર્દનીબાગ ધરણાસ્થળ પર પ્રદર્શન કરી રહ્યા છે. હવે તેમને રાષ્ટ્રીય જનતા દળે પોતાનું સમર્થન આપ્યું છે. આ પ્રદર્શનમાં રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને વિપક્ષ નેતા તેજસ્વી યાદવ પણ પહોંચ્યા અને મુસ્લિમ સંગઠનના નેતાઓના ધરણાં પર જઈને બેસી ગયા. બીજી તરફ તેજસ્વી યાદવે મુસ્લિમ સંગઠનના લોકોને સંબોધિત કરતાં કહ્યું કે, આપણા નેતા લાલુ પ્રસાદ યાદવ તમારી સાથે ઊભા રહેવા માટે ધરણાં સ્થળ પર આવ્યા છે. ભલે અમારી પાર્ટી સત્તામાં હોય કે ન હોય પરંતુ અમે આ બિલના વિરોધમાં રહીશું.

### ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની બાયોપિકની પહેલી ઝલક

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર એક ફિલ્મ બની રહી છે, જેનું નામ 'અજય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ યોગી' છે. ફિલ્મની પહેલી ઝલક સામે આવી ગઈ છે. ફિલ્મનું મોશન પોસ્ટર શેર કરવામાં આવ્યું છે જેમાં અભિનેતા અનંત જોશી ભગવા રંગના કપડાંમાં જોઈ શકાય છે. મોશન પોસ્ટરમાં યોગી આદિત્યનાથની યાત્રા બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વીડિયો તેમના અંગત જીવન, આધ્યાત્મિક અને રાજકીય સફરની ઝલક આપે છે. આ ફિલ્મમાં વિગતવાર બતાવવામાં આવશે. આ ફિલ્મ સમ્રાટ સિનેમેટિક્સ હેઠળ બનાવવામાં આવી રહી છે. ફિલ્મના નિર્માતા રીતુ મેંગી છે અને દિગ્દર્શન રવિન્દ્ર ગૌતમે સંભાળ્યું છે. આ ફિલ્મ શાંતનુ ગુપ્તા દ્વારા લખાયેલ પુસ્તક 'ધ મોંક હુ બિકેમ ચીફ મિનિસ્ટર' પર આધારિત છે.

### લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ આક્ષેપ કર્યો

## લોકસભામાં મને બોલવા દેવામાં નથી આવતો : રાહુલ ગાંધી

### કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભાના સ્પીકર ઓમ બિરલા પર સંસદમાં બોલવાની તક ન આપવાનો આરોપ લગાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલા પર સંસદમાં બોલવાની તક ન આપવાનો આરોપ લગાવ્યો હતો. લોકસભામાં વિરોધ પક્ષના નેતા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે કાર્યવાહી અલોકતાંત્રિક રીતે હાથ ધરવામાં આવી રહી હતી અને દાવો કર્યો હતો કે મુખ્ય મુદ્દાઓ ઉઠાવવાની તેમની વારંવારની વિનંતીઓને અવગણવામાં આવી હતી. તેમનું કહેવું છે કે લોકશાહીમાં સરકાર અને વિપક્ષ માટે જગ્યા છે, પરંતુ આ ગૃહમાં વિપક્ષ માટે કોઈ સ્થાન નથી. રાહુલ ગાંધીએ કહ્યું, 'એક સંમેલન



છે કે વિપક્ષના નેતાને બોલવાની છૂટ છે. જ્યારે પણ હું ઉભો હોઉં છું ત્યારે મને બોલવાની છૂટ નથી હોતી. અહીં, આપણે જે કહેવા માંગીએ છીએ તે કહેવાની છૂટ નથી. મેં કંઈ કર્યું નથી, હું એકદમ શાંતિથી બેઠો હતો. લોકશાહીમાં સરકાર અને વિપક્ષ માટે જગ્યા છે, પરંતુ અહીં વિપક્ષ માટે કોઈ સ્થાન નથી. અહીં સરકાર માટે જ જગ્યા છે. તે દિવસે વડા પ્રધાન મોદીએ કુંભ મેળા વિશે વાત કરી હતી, જેમાં હું મારો મુદ્દો ઉમેરવા માંગતો હતો. હું બેરોજગારી વિશે કંઈક કહેવા માંગતો હતો, પરંતુ મને બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

દરમિયાન, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું, 'સંસદની પરંપરાઓ શીખવે છે કે ગૃહ એટલું જ વિપક્ષનું છે જેટલું તે સત્તાધારી પક્ષનું છે. જ્યારે પણ વિપક્ષી નેતાઓ ગૃહમાં આવે છે અને તેમનો દૃષ્ટિકોણ રજૂ કરવા માગે છે ત્યારે તેમને નિયમો બતાવીને લોકોના પ્રશ્નો ઉઠાવવાના તેમના અધિકારથી વંચિત રાખવામાં આવે છે. જો કોઈ સરકારના મંત્રી, બીજેપીના સાંસદ ખાલી ઊભા થાય છે, તો તેમનું માઈક ચાલુ થઈ જાય છે અને તેમને બોલવાની તક મળે છે.

તેમણે કહ્યું, 'જ્યારે અમે દિલ્હી હાઈકોર્ટના જજ સામે સ્થગિત પ્રસ્તાવ લાવ્યા ત્યારે અમારો પ્રસ્તાવ ફગાવી દેવામાં આવ્યો, પરંતુ કર્ણાટકના સંદર્ભમાં ખોટા આરોપો લગાવનારા સંસદીય કાર્ય મંત્રીને તક આપવામાં આવી. વિપક્ષના નેતાને બોલવાની તક આપવામાં આવતી નથી. આના વિરોધમાં અમે બધા સ્પીકરને મળ્યા અને આ મુદ્દો ઉઠાવ્યો. આપણે જોઈ રહ્યા છીએ કે સરકાર સંસદમાં એવું વાતાવરણ ઊભું કરી રહી છે.

### નાણાપ્રધાન નિર્મલા સીતારમણે આપી જાણકારી

## વોટ્સએપ મેસેજથી ક્રિપ્ટોકરન્સી, ગૂગલ મેપ્સથી રોકડ રકમ ઝડપાઇ

### વોટ્સએપ ચેટ પરથી રૂ. ૨૦૦ કરોડની ગેરરીતિ ઝડપાઈ

। નવી દિલ્હી, તા.૨૬ ।

કેન્દ્ર સરકારે ડિજિટલ અસ્કયામતોને ટ્રેક કરવા માટે નવા ઈક્મટેક્સ બિલ હેઠળ નવી કાનૂની જોગવાઈઓ લાગુ કરવાની દરખાસ્ત મૂકી છે. હાલના ઈન્કમટેક્સ એક્ટમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની તપાસ કરવા માટે પૂરતા કાયદા અને નિયમોનો અભાવ હોવાથી સરકાર આ મુદ્દે કાયદામાં સુધારો લાવવા માંગે છે. અલબત્ત, આમ કરવાથી જનતાની પ્રાઈવસી જોખમમાં મૂકાઈ જશે. વોટ્સએપ સહિતની લોકોની એક પણ 'ચેટ' ખાનગી નહીં રહે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવાર, ૨૫ માર્ચના રોજ લોકસભામાં જણાવ્યું હતું કે, 'ડિજિટલ અસ્કયામતોની તપાસ કરવા માટે (પૂરતું અને ઝડપી) કાયદાકીય સમર્થન મળતું નથી, તેથી અમે નવા ઈક્મટેક્સ એક્ટમાં તેનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.' બિનહિસાબી સંપત્તિનો પત્તો લગાવવા માટે 'ડિજિટલ ફોરેન્સિક ની ભૂમિકા પર ભાર મૂકતાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે દાવો કર્યો હતો કે, 'વોટ્સએપના એક્રિપ્ટેડ સંદેશા ટ્રેક કરીને રૂ. ૨૦૦ કરોડના બિનહિસાબી નાણાંના વ્યવહાર પકડી પાડવામાં આવ્યા છે. અધિકારીઓએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની તપાસ કરીને બિનહિસાબી નાણાં કોના છે એ અને ગૂગલ મેપ હિસ્ટ્રીના આધારે નાણાં ક્યાં છુપાવાયા હતા એ શોધી કાઢ્યું છે.' અત્યાર સુધી એવું થતું હતું કે, આઈટી અધિકારીઓને કોઈ વ્યક્તિના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોની તપાસ દરમિયાન તેના ડિજિટલ ડેટા એક્સેસ કરવાની જરૂરિયાત ઊભી થાય તો એ માટે અલગથી મંજૂરી લેવી પડતી. એમાં સમયનો વ્યય થાય અને શંકાસ્પદ વ્યક્તિએ સમયગાળાનો દુરુપયોગ કરે એવું બનતું. જો કે, નવી જોગવાઈ લાગુ થશે તો અધિકારીઓએ ઉપર કહી એવી મંજૂરી લેવા દસ્તાવેજોની કડાકૂટમાં નહીં પડવું પડે, સમયનો વ્યય નહીં થાય. અધિકારીઓ સીધેસીધું એક્રિપ્ટેડ કોમ્યુનિકેશન્સ, ડિજિટલ એસેટ એક્સચેન્જ અને ક્લાઉડ સ્ટોરેજની તપાસ કરી શકશે, જેને લીધે ડિજિટલ ચેનલોના માધ્યમે થતી કરચોરી સામે ઝડપથી પગલાં લઈ શકાશે. કાયદામાં નવી જોગવાઈના અમલીકરણને લીધે ક્રિપ્ટોકરન્સી સહિત કોઈપણ વર્ચ્યુઅલ અસ્કયામતો અધિકારીઓની ચકાસણીમાંથી છટકી નહીં શકે.

### સહયોગીઓના ઘરે ED ત્રાટકી

## દિગ્ગજ કોંગ્રેસી અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલના ઘરે CBIના દરોડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

વહેલી સવારે એક મોટી કાર્યવાહી હાથ ધરતાં સીબીઆઈ ટીમે છત્તીસગઢની રાજધાની રાયપુર અને ભિલાઈમાં દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના નિવાસસ્થાન અને IPS અધિકારી આરિફ શેખના ઘરે દરોડા પાડવાનું શરૂ કર્યું છે. અહેવાલો અનુસાર, સીબીઆઈ વિનોદ વર્માના ઘરે પણ દરોડા પાડવામાં આવી શકે છે. સીબીઆઈના અધિકારીઓ વહેલી સવારે ભિલાઈ અને રાયપુરના નિવાસસ્થાનો પર પહોંચ્યા હતા. અગાઉ, EDની ટીમે પણ આ જ સમયે દરોડા પાડ્યા હતા.સીડી કૌભાંડ કેસમાં સીબીઆઈએ સમીક્ષા અરજી દાખલ કરી હતી. અગાઉ, કોર્ટે સીડી કૌભાંડ કેસમાં ભૂપેશ બઘેલને નિર્દોષ જાહેર કર્યા હતા. સમીક્ષા અરજી પર સુનાવણી ૪ એપ્રિલે થવાની છે. સુનાવણી પહેલા સીબીઆઈના અધિકારીઓ પૂર્વ સીએમ ભૂપેશ બઘેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

### USCIRF પોતે જ ચિંતાનો વિષય

## ભારતે ફગાવ્યો લઘુમતીઓ સાથે ભેદભાવનો અહેવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગે ભારતમાં લઘુમતીઓ સાથે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. જે બાદ ભારત સરકારે આ અહેવાલ ફગાવ્યો છે. ભારતે USCIRFને કડક શબ્દોમાં જવાબ આપતાં કહ્યું છે કે, આ સંસ્થા પોતે ચિંતાનો વિષય છે. નોંધનીય છે કે USCIRFએ તો ભારતની ગુપ્તચર એજન્સી RAW પર પ્રતિબંધની પણ માંગ કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપતાં કહ્યું છે, કે લોકશાહી અને સહિષ્ણુતાના પ્રતિક એવા ભારતની છબીને નબળી કરવાના પ્રયાસ સફળ નહીં થાય. USCIRF દ્વારા અલગ અલગ ઘટનાઓને ખોટી રીતે પ્રસ્તુત કરવામાં આવે છે તથા ભારતના બહુસાંસ્કૃતિક સમાજ પર શંકા વ્યક્ત કરવાના પ્રયાસ કરાય છે, જે જાણી જોઈને કરાતો એજન્ડા દર્શાવે છે. ખરેખર તો USCIRF જ ચિંતાનો વિષય છે. USCIRFના ૨૦૨૫ના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં સતત લઘુમતીઓ પર હુમલા અને ભેદભાવ વધી રહ્યો છે.

### ભારે પોલીસ દળ તહેનાત

## હઝારીબાગમાં મોટી બબાલ, ધાર્મિક જૂલુસ પર પથ્થરમારો

। (એજન્સી) હઝારીબાગ, તા.૨૬ ।

ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં હિંસાનો મામલો સામે આવ્યો છે. અહીં ધાર્મિક જૂલુસ દરમિયાન કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના કારણે વિસ્તારમાં તણાવ સર્જાયો હતો. આ ઘટના અંગે માહિતી આપતાં સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી પરમેશ્વર કામતીએ જણાવ્યું કે, આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૧૧:૦૦ વાગ્યે જામા મસ્જિદ ચોક પાસે બની હતી, જ્યારે રામ નવમી ઉત્સવ હેઠળ મંગળા જૂલુસ નીકાળવામાં આવી રહ્યું હતું. બંને બાજુથી પથ્થરમારો થયો હતો. લોકોનું કહેવું છે કે જૂલુસ દરમિયાન સાંપ્રદાયિક ગીતો વગાડવાને લઈને વિવાદ થયો હતો. બીજી તરફ આ ઘટના અંગે માહિતી આપતાં અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે હવામાં ફાયરિંગ કર્યું હતું. પોલીસે દાવો કર્યો કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને સ્થળ પર સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, પથ્થરમારા પાછળનું સાચું કારણ હજુ સુધી સામે નથી આવ્યું. આ ઘટનામાં સંડોવાયેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં તેમને પકડી લેવામાં આવશે. આ ઘટનાની માહિતી આપતાં સ્થાનિક લોકોએ સત્ય જણાવ્યું છે.

### હરિયાણામાં ગુજરાત પોલીસને અકસ્માત નડ્યો

। (એજન્સી) સિરસા, તા.૨૬ ।

સિરસામાં ભારત માલા ફોરેલન પર બુધવાર સવારે ગુજરાત પોલીસની ગાડી રસ્તા પર ઊભેલા એક વાહન સાથે ટકરાઈ ગઈ. આ દુર્ઘટનામાં ગુજરાત પોલીસના ત્રણ કર્મચારીઓના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા છે. જ્યારે અન્ય એકની હાલત ગંભીર છે. માહિતી મળતાની સાથે જ NHAI ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બધાને સિવિલ હોસ્પિટલ લઈ ગઈ. ઘાયલોની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને, તેમને ભટિંડા રિફર કરવામાં આવ્યા છે. દરમિયાન, ડબવાલી પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને ગુજરાત પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો છે. ડબવાલી પોલીસના જણાવ્યા અનુસાર, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

### શેરબજારમાં સાત દિવસની તેજી બાદ પ્રોફિટ બુકિંગ

## સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટનું ગાબડું, ૨૮૧ શેર વર્ષના તળિયે

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

શેરબજારમાં સળંગ સાત દિવસની તેજી બાદ આજે પ્રોફિટ બુકિંગ નોંધાયું હતું. સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૯૭૩.૬૫ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૭૨૮.૬૯ પોઈન્ટ તૂટી ૭૭૨૮૮.૫૦ પર બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડીમાં આજે વધુ રૂ. ૩.૪૨ લાખ કરોડનું ગાબડું નોંધાયુ હતું. એનએસઈ નિફ્ટી આજે ૨૩૭૦૦ના સ્તરે ખૂલ્યા બાદ ૩૦૦ પોઈન્ટ સુધી તૂટ્યો હતો. જે અંતે ૧૮૧.૮૦પોઈન્ટના કડાકે ૨૩૪૮૬.૮૫પર બંધ રહ્યો હતો. એનએસઈ ખાતે આજે ૧૮૭ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. નિફ્ટીએ ૨૩૫૦૦ની અંદર બંધ આપતાં રોકાણકારોમાં અનિશ્ચિતતાઓના વાદળો વધ્યા છે. બીએસઈ ખાતે આજે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ જોવા મળી હતી. કુલ ટ્રેડેડ ૪૧૪૩ શેર પૈકી ૯૧૯ શેર સુધારા તરફી અને ૩૧૧૫ શેર ઘટાડા સાથે બંધ રહ્યા હતા. એકંદરે વેચવાલીના માહોલ વચ્ચે ૨૮૧ શેર વર્ષના તળિયે પહોંચ્યો હતો. સેક્ટોરલ ઈન્ડેક્સમાં કેપિટલ ગુડ્સ ૦.૦૫ ટકા સુધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય તમામ ઈન્ડેક્સ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા. બેન્કેક્સ ૧.૦૮ ટકા, પીએસયુ ૧.૩૫ ટકા, એનર્જી ૧.૨૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૫૨ ટકા ઘટાડે બંધ રહ્યો હતો.

## માતરના મહેલજમાં જેન્ટલ એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં દરોડા

। (એજન્સી) ખેડા, તા.૨૬ ।

ખેડા માતરના મહેલજમાં જેન્ટલ એગ્રો ઈનડસ્ટ્રીઝમાં દરોડા પાડ્યા છે. જેમાં પુરવઠા અધિકારી અને માતર મામલતદારે દરોડા પાડ્યા છે. ૨૮૩ ટન ચોખા, ૬૩ ટન ઘઉં અને ૩૪ ટન બાજરી સીઝ કરવામાં આવી છે. સરકારી અનાજના શંકાસ્પદ જથ્થાને સીઝ કરવામાં આવ્યો છે. ગોડાઉનમાં ચોખા- ઘઉં અને બાજરીના સ્ટોકનું પત્રક મળ્યુ નથી. અધિકારીઓએ પંચનામુ કરીને અનાજનો સ્ટોક સીઝ કર્યો છે. અનાજનો જથ્થો સરકારી છે કે નહીં તેની તપાસ હાથ ધરવામાં આવી છે. પંચનામુ કરીને અનાજનો સ્ટોક કર્યો સીઝ મહત્તવનું છે કે આ અગાઉ પણ અનેક વખત ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી સરકારી અનાજનું ગેરકાયદેસર વેચાણ થતુ હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે ખેડાના માતરના મહેલજમાં જેન્ટલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી અનાજનો મોટો જથ્થો ઝડપાયો છે. જો કે અત્યારે સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થઈ નથી કે આ જથ્થો સરકારી અનાજનો છે કે અન્ય ખરીદવામાં આવેલું અનાજ છે. જો કે અધિકારીઓએ પંચનામુ કરીને અનાજનો સ્ટોક સીઝ કર્યો છે.

## પરિણીત પુરુષ સાથે ભાગી મહિલા, તો સાસરીવાળાએ પ્રેમીના ઘર પર ચલાવ્યું બુલડોઝર

। (એજન્સી) ભરૂચ, તા.૨૬ ।

ભરૂચ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જંબુસર તાલુકાના કારેલી ગામમાં એક યુવાન પરિણીત મહિલાને લઈને ફરાર થતાં મામલો ગરમાયો છે. આ ઘટનાને પગલે રાત્રે ગામમાં પાંચ ઘરોમાં તોડફોડ કરવામાં આવી. આ બનાવના સંદર્ભમાં વેડચ પોલીસ મથકે કારેલી ગામના ૬ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો છે અને પોલીસે તપાસ શરૂ કરી છે. ભરૂચના જંબુસર તાલુકાના કારેલી ગામમાં એક યુવાન પરિણીત મહિલા સાથે ફરાર થતાં વિવાદ ઉભો થયો હતો. રાત્રે આઠ વાગ્યાના સમયે કારેલી ગામના રહેવાસી મધુબેન કાળીદાસભાઈ પોતાના ઘરે હતા, ત્યારે હેમંતભાઈ ઉર્ફે ભોળાભાઈ નામનો શખ્સ તેમના ઘરે આવ્યો. તેણે મધુબેનને કહ્યું કે, 'તારો છોકરો મારા સગાના બળવંતભાઈની પત્ની મીનાબેનને લઈ ગયો છે, તેને ગમે ત્યાંથી શોધી લાવ.' આ કહીને હેમંતભાઈએ મધુબેનની પુત્રીને એક તમાચો મારીને ત્યાંથી ચાલ્યો ગયોત્યારબાદ, રાત્રે નવ વાગ્યાના સમયે હેમંત ઉર્ફે ભોળાભાઈ પઢિયાર, સુનિલ પઢિયાર, બળવંત પઢિયાર, સોહમ પઢિયાર, ચિરાગ પઢિયાર અને એક જેસીબી ડ્રાઈવર સાથે મળીને જેસીબી મશીન લઈને ફળિયામાં ધસી આવ્યા.

### બોગસ પેઢીઓના નામે

# બેંક ખાતા ભાડે રાખી સાયબર ફ્રોડ કરતી ગેંગના સાગરીતો પકડાયા

### આરોપીઓએ અત્યાર સુધીમાં ૫૦ કરોડ ખંખેર્યા હોવાનું તારણ, દુબઇ કનેક્શન સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

છેલ્લા ઘણા સમયથી અલગ અલગ મોડસઓપ્રેન્ડીથી સાયબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે. ગઠિયાઓ ફ્રોડના નાણાં મેળવવા માટે જે બેંક ખાતાની વિગતો આપે છે તે ખોટા ખાતા ખોલાવનાર ગેંગના શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓ બોગસ પેઢી અને લોકોના નામે બોગસ બેંક ખાતા ખોલાવીને તે ભાડે મેફવીને સાયબર ફ્રોડના નાણાં મેળવતા હતા. એટલું જ નહિ, આરોપીઓ પાસેથી જથ્થાબંધ પાસબૂક, ચેકબૂક, બેંક કિટ, પ્રિ એક્ટિવ સીમકાર્ડ પણ મળ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ અત્યાર સુધીમાં રૂ.૫૦ કરોડ વિવિધ ખાતાઓ થકી ખંખેર્યા હોવાનું તારણ છે. સાથે જ આ ગેંગમાં દુબઈ કનેક્શન પણ સામે આવતા તે બાબતે તપાસ તેજ કરાઈ છે. શહેરના એલિસ બ્રિજ પોલીસ સ્ટેશનમાં એક જાણવાજોગ બાબતે તપાસ ચાલી રહી હતી. જેની તપાસમાં બાતમી આધારે વીએસ હોસ્પિટલ પાસેથી ચિરાગ કડિયા(રહે. મનોરમા સોસા., ઈસનપુર) નામના એક શંકાસ્પદ શખ્સને ઝડપી લેવાયો છે. પોલીસે ચિરાગની તપાસ કરતા તેની પાસેથી અનેક લોકોના ડોક્યુમેન્ટ, ડેબિટ કાર્ડ, જથ્થાબંધ ચેકબૂક અને જથ્થાબંધ પ્રિ એક્ટિવ સીમકાર્ડ તથા સ્ટેમ્પ મળી આવતા આરોપી સાયબર ળોડને લગતી શંકાસ્પદ કામગીરી કરતો હોવાની પોલીસની શંકા પાક્કી બની હતી. જેથી પોલીસે ચિરાગની વધુ પૂછપરછ કરતા તેના ઘરમાં પણ ચેકબૂકો હોવાથી પોલીસે સર્ચ કરીને અનેક ચેબૂક, પાસબૂક અને પ્રિએક્ટિવ સીમકાર્ડનો જથ્થો કબ્જે કર્યો હતો. બાદમાં પોલીસે પાસબૂક પરથી તપાસ કરીને બેંક એકાઉન્ટની માહિતીઓ મેળવી હતી. જેની તપાસમાં આ બેંક એકાઉન્ટોનો ઉપયોગ રાજ્યમાં દાખલ થયેલી સાયબર ળોડની અરજીઓમાં ઉપયોગ થયાનું સામે આવ્યું હતું.

### CBSEની માન્યતા રદ કરવાના નિર્ણયને પડકારતી અરજી

# તુલીપ સ્કૂલની રિટ હાઇકોર્ટના સિંગલ જજે નોટ બિફોર મી કરી

### હવે સ્કૂલની પિટિશનની સુનાવણી નવી બેંચ સમક્ષ આગામી દિવસોમાં મૂકાશે અને તેની સુનાવણી થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ધી ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલની CBSEના માન્યતા રદ કરવાના નિર્ણયને પડકારતી અરજીને હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર દેસાઈની સિંગલ જજની બેંચે નોટ બિફોર મી કરી છે. જેથી હવે સ્કૂલની પિટિશનની સુનાવણી નવી બેંચ સમક્ષ આગામી દિવસોમાં મૂકાશે અને તેની સુનાવણી થશે. શહેરમાં આવેલી ધી ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલની માન્યતા CBSEએ ઈન્સ્પેક્શન કર્યા બાદ રદ કરી દીધી હતી. CBSEના આ નિર્ણયને ગેરવાજબી અને અન્યાયી હોવાના દાવા સાથે સ્કૂલે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જેમાં CBSE દ્વારા ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલના CBSE બોર્ડના વિધાર્થીઓને નજીકની શાળામાં ખસેડવાના નિર્ણયને હાલ પુરતો મોકૂફ રાખવાની બાહેંધરી આપવામાં આવી હતી. જોકે, આ કેસની સુનાવણી દરમિયાન કોર્ટના ધ્યાને આવ્યું હતું કે, કોર્ટમાં ચાલતી ન્યાયિક કાર્યવાહીનું ખોટું અર્થઘટન કરીને સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ કરવામાં આવી રહ્યા છે. વળી, આ બાબત મીડિયા માટેની સામગ્રી બની ચૂકી છે ત્યારે કોર્ટે મંગળવારે આ અરજી ઉપર વધુ સુનાવણીનો ઈનકાર કરતા કેસ 'નોટ બિફોર મી' કર્યો હતો. જેથી હવે નવી બેન્ચ આગામી સમયમાં આ અરજી સાંભળશે.ઉલ્લેખનીય છે કે, ન્યૂ તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલની માન્યતા રદ કરતા CBSE દ્વારા જુદા જુદા અવલોકનો ટાંકવામાં આવ્યા હતા. જેમાં શિક્ષકોની લાયકાત, ઈન્ળાસ્ટ્રક્ચર, એનરોલમેન્ટ અનિયમિતતાઓ, બીજા બોર્ડ સાથે ચલાવવા વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. જોકે, શાળાનું કહેવું છે કે, માત્ર એક દિવસના ઈન્સ્પેક્શન તે પણ અયોગ્ય સંજોગોને આધારે ઝમ્જીઈ માન્યતા રદ કરી શકે નહીં.

### ઉર્જા મંત્રી કનુ દેસાઈનું નિવેદન

# ફ્યુઅલ ચાર્જમાં ઘટાડો કરવાના નિર્ણયથી દોઢ કરોડ વીજગ્રાહકોને મળી રાહત

### વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં વીજગ્રાહકોને કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ગ્રાહકોને અપાયેલી વીજરાહત અંગેના પ્રશ્નના જવાબમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં વીજગ્રાહકોને કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા દર ત્રણ મહિને રાજ્યમાં જે પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય, તેની સામે થયેલા ખર્ચની ગણતરી કરીને તે મુજબ ફ્યૂઅલ ચાર્જ નિયત કરવામાં આવે છે. ગુજરાત સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે સોલાર અને વિન્ડ એનર્જીમાં ટોચ પર છે. છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૯૨૪ મેગાવોટ કરવામાં આવી છે. કનુભાઈ દેસાઈએ કહ્યું કે 'દેશમાં વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઝીરો કરવા માટે રિન્યૂએબલ એનર્જી સ્રોતો મારફત ૫૦૦ ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન છે. જેમાં ગુજરાતનું પણ ૧૦૦ ગીગાવોટ રિન્યૂએબલ વીજળી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.' વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા.૧ ઑક્ટોબર, ૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય, ત્યાં સુધી રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે. આ ઘટાડાથી વર્ષ ૨૦૨૪ દરમિયાન મોરબી જિલ્લાના ૩,૦૨,૪૧૦ વીજગ્રાહકોને કુલ રૂ. ૧૮૯.૫૪ કરોડની રાહત આપવામાં આવી છે. જ્યારે પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૪,૧૨,૧૯૩ વીજગ્રાહકોને ૨૧.૬૫ કરોડની રાહત આપવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું. રાજ્યના બીપીએલ કાર્ડ ધારકોને વીજબિલના દરોમાં અપાતી રાહત અંગે ઊર્જા મંત્રીએ જણાવ્યું કે અન્ય રહેણાક વિસ્તારોના વીજ ગ્રાહકોની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે વીજદરો ઓછા હોય છે. જે મુજબ રહેણાક વિસ્તારના ગ્રાહકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૧૫ થી ૭૦ છે, જ્યારે બીપીએલ કાર્ડધારકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૫ છે. આ જ પ્રકારે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટદીઠ ચાર્જ રૂ. ૨.૬૫, જ્યારે શહેરી વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટના રૂ. ૩.૦૫ની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે પ્રથમ ૫૦ યુનિટ દીઠ રૂ. ૧.૫૦ લેખે વીજ ચાર્જ આકારવામાં આવે છે

## ૧૧૨ ઇમરજન્સી હેલ્પલાઇનને સમગ્ર રાજ્યમાં શરૂ કરવાની તૈયારી પૂરજોશમાં

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

ગુજરાતના તમામ નાગરિકોને એક જ ફોન નંબર પર તમામ ઈમરજન્સી સેવાઓ મળી રહે તેના માટે વર્ષ ૨૦૧૯માં ૧૧૨ ERSS (ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ) હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો. ૧૧૨ નંબરના માધ્યમથી સ્વાસ્થ્ય અને પરિવાર, પોલીસ, આગ, મહિલા અને બાળ વિકાસ અને રેવન્યુ- આપદા વ્યવસ્થાપન વિભાગના સ્વતંત્ર ટોલ-ફ્રી નંબરને એકીકૃત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તબક્કામાં આ કામગીરી રાજ્યમાં અત્યારે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, છોટા ઉદેપુર, બોટાદ, અરવલ્લી અને મહિસાગરમાં શરૂ છે જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આગામી ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં અમલી બનાવવાની કામગીરી ચાલી રહી છે.

આ સેવાનો વ્યાપ સમગ્ર રાજ્યમાં મળી રહે તેના માટે એકીકૃત કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર તેમજ આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી અત્યારે કરવામાં આવી રહી છે. આ સેન્ટરમાંથી તમામ જિલ્લાઓમાં ઈમરજન્સી રિસ્પોન્સની કામગીરીનું રિયલટાઈમ મોનિટરિંગ થઈ શકશે. જિલ્લા કક્ષાએ પણ આ સેવાઓનું મોનિટરીંગ સ્વતંત્ર રીતે કરી શકાશે. ડિજિટલ ટેક્નોલોજીનો વ્યાપ વધારીને આ સેવાને વધુ પ્રભાવી બનાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

જિલ્લાઓમાં છેવાડા સુધી લોકોને ત્વરિત ઈમરજન્સી રિસ્પોન્સ મળી રહે તેના માટે નવી ૫૦૦ જનરક્ષક પીસીઆર વેન ફાળવવામાં આવશે. ઈમરજન્સી રિસ્પોન્સ સાથે સંકળાયેલા પોલીસ વિભાગ સહિતના કર્મચારીઓને રિયલ ટાઈમમાં ડિજિટલ અપડેશન સહિત ઈમરજન્સી રિસ્પોન્સ અંગેની જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે.

૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ કાર્યરત થયા પછી, ERSS-112 અંતર્ગત ગુજરાતમાં ૧.૪૯ કરોડથી વધુ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક હેન્ડલ કરવામાં આવ્યા છે જેમાંથી ૬૯,૪૭૭ કેસોમાં તાત્કાલિક સહાય માટે ઈમરજન્સી ટીમો મોકલવામાં આવી હતી. અત્યારે સાત જિલ્લાઓમાં એવરેજ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ૨૬ મિનટ અને ૫૯ સેકન્ડનો છે.

# વીજ વાયરોને થતું નુકસાન અટકાવવા, ૧.૭૪ લાખથી વધુ થાંભલા બદલવામાં આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

વાવાઝોડા કે સાયકલોન જેવી કુદરતી આપત્તિ સમય દરિયાકિનારાના જિલ્લાઓમાં વીજ વાયરોને થતું નુકસાન અટકાવવા અને ખેડૂતોને સતત વીજળી મળી રહે તે માટે તબક્કાવાર ઓવર હેડ લાઈનને અંડર ગ્રાઉન્ડ કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં 'સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' હેઠળ વીજ માળખું સુરક્ષિત અને વીજ પુરવઠો ચાલુ રહે તે માટે ૧૬.૯૭ વીજ લાઈનના ૦૨ વીજ ફીડરને રૂ.૨.૭૪ કરોડથી વધુના ખર્ચે અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું. ઊર્જા મંત્રી દેસાઈ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં રૂ. ૪,૯૬૪.૨૯ લાખ તેમજ જામનગર જિલ્લામાં રૂ. ૯,૨૫૬.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતો અને નાગરિકોના હિતમાં બિપરજોય વાવાઝોડા બાદ સાગરખેડૂ વિકાસ યોજના હેઠળ દરિયા કિનારાના જિલ્લાઓમાં અંડર ગ્રાઉન્ડ વીજળી લાઈન, નવા સબ સ્ટેશન, જર્જરિત વાયર બદલવા તેમજ નવા વીજ જોડાણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.તેને કહ્યું હતું કે, આ વિસ્તારમાં રૂ. ૨,૫૩૪ કરોડના ખર્ચે ૨૩૬ નવા સબ સ્ટેશન તેમજ રૂ. ૧૯૮ કરોડના ખર્ચે અંદાજે ૧.૩૦ લાખ નવા ખેત જોડાણ આપવામાં આવ્યા છે. આ 'સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના' વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૭-૦૮માં અમલમાં મૂકવામાં આવી હતી. ડિસેમ્બર ૨૪ સુધી આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૦૦૯ કરોડના ખર્ચે ૭૩,૭૬૨ કિ.મી. જર્જરિત વીજ લાઈનો અને ૧.૭૪ લાખથી વધુ થાંભલા બદલવામાં આવ્યા છે.

# રાજ્ય સરકાર ૮૦ નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવશે, સૌર ઉર્જા પ્રોજેકેટ કરશે લોન્ચ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

પ્રથમ તબક્કામાં રાજ્યના અમદાવાદ જિલ્લામાં આવેલા નાના ગામ બારેજામાં ૫૦ કિલોવોટથી વધુ ક્ષમતા ધરાવતા સ્થળોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ સૌર ઉર્જા પ્રોજેક્ટમાં રાજ્યની કુલ ૮૦ નગરપાલિકાઓમાંથી, ૩૧ "A" શ્રેણીની નગરપાલિકાઓ, ૨૦ "B" શ્રેણીની નગરપાલિકાઓ, ૨૫ "K" શ્રેણીની નગરપાલિકાઓ અને ૪ "D" શ્રેણીની નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. આપને જણાવી દઈએ કે, બારેજા નગર પાલિકાના પમ્પિંગ સ્ટેશન પર સૌર ઉર્જા દ્વારા વીજળી પૂરી પાડવા અંગે ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે બારેજા નગરપાલિકા તરફથી કુલ ૧૩ સ્થળોએ સૌર પ્લાન્ટ લગાવવાનો પ્રસ્તાવ મળ્યો છે. જેમાં ૮ ટ્યુબવેલ, ૪ પમ્પિંગ સ્ટેશન, ૧ STPનો સેમાવેશ થાય છે. બારેજા નગર પાલિકાના મહિજાદા પાટિયા એસટીપી ખાતે ૮૬.૨૧ લાખ રૂપિયાના ખર્ચે ૯૯ કિલોવોટ ક્ષમતાનો સૌર ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવાનું કામ પ્રગતિમાં છે. જે કામ કરવામાં આવેલ કાર્ય ૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ દર વર્ષે ૧,૪૪,૦૦૦ યુનિટ વીજળી ઉત્પન્ન કરવાનો અંદાજ છે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ, રાજ્યના શહેરોમાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાઓનું અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભૂગર્ભ ગટર યોજના હેઠળ, ગંદા પાણીના શુદ્ધિકરણ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીના શુદ્ધિકરણ માટે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ, પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, પમ્પિંગ સ્ટેશન વગેરેના સંચાલનમાં વીજળીનો વપરાશ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**વિશેષ** | જીવંત નાટક થકી લોકોની વચ્ચે જવાનું એક સુંદર માધ્યમ : રંગભૂમિ

# ગુજરાતની વિવિધ યોજનાઓ અને વિકાસયાત્રાને પરંપરાગત માધ્યમ થકી સમાજના દરેક વર્ગ સમક્ષ ઉજાગર કરતો માહિતી અને પ્રસારણ વિભાગ

। (માહિતી) અમદાવાદ ।

વિશ્વ રંગભૂમિ દિવસ દર વર્ષે ૨૭ માર્ચે ઉજવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસ એટલે આખી દુનિયામાં રંગભૂમિ અને એની સાથે જોડાયેલા કલાકારો, લેખકો, સંગીતકારો, નાટકના બીજા અનેક વિભાગો સાથે જોડાયેલા કેટલાય કસબીઓને યાદ કરવાનો દિવસ. આ દિવસ રંગભૂમિને એક કલા સ્વરૂપ અને તેના સામાજિક મહત્વ તરીકે સન્માનિત કરે છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીનો ઉદ્દેશ નાટ્ય પરંપરાને જાળવી રાખવાનો, તેને આગળ વધારવાનો અને નાટ્યકર્મીઓને પ્રેરિત, પ્રોત્સાહિત કરવાનો છે.

વિશ્વ રંગભૂમિ દિવસ પર રાજ્ય સરકારના એક એવા વિભાગની વાત કરીએ જે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસયાત્રાને પરંપરાગત માધ્યમ જેવા કે શેરી નાટક, લોકડાયરા, ભવાઈ, પપેટ શો થકી છેવાડના માનવી સુધી પહોંચાડવાનું કામ કરે છે અને અનેક શહેર અને ગામડાઓના કલાકારોને સાથે-સાથે રોજગારી આપવાનું માધ્યમ પણ બને છે. આપણે વાત કરી રહ્યા છીએ, રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ વિશે.

મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ માહિતી વિભાગ જનતાને વિકાસલક્ષી યોજનાઓ તેમજ રાજ્ય સરકારના મહત્વપૂર્ણ કાર્યક્રમોની જાણકારી સમયસર, ઝડપ થી અને વિશ્વસનીય રીતે પૂરી પાડે છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને નીતિઓને પરંપરાગત માધ્યમ થકી પણ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવામાં માહિતી વિભાગ મહત્વનો ભાગ ભજવે છે. આ વિભાગ સામાન્ય જનતા અને સરકાર વચ્ચે સંવાદિતા સ્થાપવા સેતુરૂપ ભૂમિકા ભજવે છે, માહિતી વિભાગ એક તરફ રાજ્ય સરકારની યોજનાઓને જન જન સુધી લઈ જાય છે જેના થકી રાજ્ય સરકારની યોજનાઓના લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં સરળતા રહે છે જ્યારે સામાન્ય જનતાના પ્રશ્નો તથા તેમના મંતવ્યો સરકાર સુધી પહોંચાડી દ્વીપક્ષિય સંવાદ સાધવામાં મદદરૂપ થાય છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં વિભાગ દ્વારા શેરી



નાટક, ભવાઈ, પપેટ શો જેવા પારંપરિક માધ્યમો દ્વારા પણ પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ભવાઈ અને નાટક દ્વારા લોકોને ઉપયોગની થાય એવી જાણકારી પણ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૬૦માં પ્રથમ વખત ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટયૂટ દ્વારા રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી વિશ્વની રંગભૂમિ અને રંગમંચ પર અનેક નાટકો રજૂ થયા છે. ૧૯૬૦માં ઉજવણીની શરૂઆતનો મુખ્ય ધ્યેય રંગભૂમિ થકી વિશ્વ શાંતિ સ્થપાય તે હતો, જેમાં આજદિન સુધી કોઈ પણ બદલાવ કરવામાં આવ્યો નથી. આજે પણ વિશ્વ શાંતિ માટે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આધુનિક યુગમાં નાનાલાલ દલપતરામ કવિ અને મુક્તાનંદ સ્વામી જેવા નોંધપાત્ર નાટ્યકારો અને કલાકારોના ઉદય સાથે ૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં ગુજરાતી રંગભૂમિએ એક અલગ સ્થાન અને મહત્વ મેળવ્યું હતું. ગુજરાતે નાટકોમાં માનવ જીવન સાથે જોડાયેલા વિષયો અને સામાજિક મુદ્દાઓ રજૂ કર્યા હતા. આજે પણ આ ઉદેશ્ય સાથે રંગભૂમિ કામ કરી રહી છે. ગુજરાત રંગભૂમિનો સદીઓ જૂનો જીવંત અને સમૃદ્ધ વારસો ધરાવે છે. રંગભૂમિના પરંપરાગત સ્વરૂપો ભવાઈ અને રાસલીલા પેઢીઓથી ભજવવામાં આવે છે. ભવાઈ આજે પણ નાટ્યરૂપ અને સામાજિક સંદેશો આપવા માટે સંગીતની સાથે નૃત્ય અને કેટલાક નાટકોમાં વ્યંગનો સમાવેશ કરવામાં આવે છે. તો બીજી તરફ રામલીલા હિંદુ દેવતાઓની દૈવીય શક્તિને રંગભૂમિ પર નિરૂપણ કરવાનું પણ કામ કરે છે. ભગવદ ગોમંડલ' ગ્રંથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયેલું. તૃયારબાદ ૧૮૫૧માં 'નર્મદે', 'બુધ્ધિવર્ધક' નામની સંસ્થા શરૂ કરી.એ જ અરસામાં શેકસપિયર કલબની સ્થાપના મુંબઈમાં થઈ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું આ ગ્રંથ લખે છે. સુરતનાં કવિ નર્મદે પણ રંગભૂમિ માટે ચાર નાટકો લખ્યા છે. 'ગુલાબ' ગુજરાતી સાહિત્યનું પ્રથમ મૌલિક નાટક છે અને તે પણ સુરતી તળપદી ભાષામાં નગીનદાસ તુળજારામ દ્વારા લખવામાં આવ્યું છે.

વર્ષ ૧૯૬૧માં યુનેસ્કો દ્વારા યોજાયેલી મીટીંગમાં ૧૪૫ દેશોનાં રસિકોએ ભાગ લીધો. ગુજરાતમાંથી ચં.ચી. મહેતા પણ જોડાયેલ અને એમની લાગણી અને માંગણીની વિનંતીને માન આપીને ૨૭ માર્ચ "વિશ્વ રંગભૂમિ દિવસ" ઉજવવાનું નકકી કરાયું હતું. ૧૯૦૧માં ચં.ચી.મહેતાનો જન્મ થયો હતો અને એ જ વર્ષે 'સુંદરી'નાં નામથી જાણીતા જયશંકર ભોજકે નાટ્યક્ષેત્રે પ્રવેશ કરેલો હતો. ગુજરાતી રંગભૂમિને નવી ઓળખ આપનાર રંગમંચનાં આ બે એક્કાઓનો ફાળો અમૂલ્ય કહી શકાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સંભલમાં હિન્દુ મંદિરોની શોધ માટે યોગી આદિત્યનાથે લીધો સંકલ્પ

। (એજન્સી) લખનૌ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંભલમાં આવેલા હિન્દુ મંદિરોને ઓળખવાનો અને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. સરકારી અધિકારીઓએ અત્યાર સુધીમાં ૫૪થી વધુ તીર્થસ્થળોની ઓળખ કરી છે, અને બાકીના સ્થળોની તપાસ ચાલુ છે. સીએમ યોગીએ ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા આ વાત કહી. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સનાતન હિન્દુ ધર્મના મહત્વપૂર્ણ સ્થળો ભારતના વારસાના પ્રતીકો છે. સીએમ યોગીએ સ્પષ્ટપણે કહ્યું કે ''અમે સંભલમાં જે કંઇ છે તે શોધીશું અને સમગ્ર દુનિયાને તે બતાવીશું.'' તેમના મતે, ''સંભલનો ઈતિહાસ કોઈથી છુપાયેલો નથી, અને હકીકત હંમેશા હકીકત જ રહે છે.'' હિન્દુ મંદિરોના અવશેષો પર બનેલી મસ્જિદોના મુદ્દે સીએમ યોગીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે ''ઈસ્લામ પણ એ જ કહે છે કે હિન્દુ મંદિર કે હિન્દુ ઘર તોડી કોઈ પૂજા સ્થળ બનાવવું ધાર્મિક રીતે સ્વીકાર્ય નથી.'' સંભલમાં મસ્જિદો પર તાડપત્રી લગાવવાના વિવાદ પર સીએમ યોગીએ પ્રશ્ન ઉઠાવ્યો કે ''મુહરમ દરમિયાન જે સરઘસ નીકળે છે, તેના ધ્વજનો પડછાયો જો હિન્દુ મંદિર અથવા ઘરો પર પડે, તો શું તેને અશુદ્ધ ગણવામાં આવે? જે કોઈને કોઈ ખાસ રંગ ન ગમતો હોય, તેને ન લગાવવો જોઈએ, પણ બેવડા ધોરણ શા માટે?'' સીએમ યોગીના આ નિવેદન બાદ સંભલમાં હિન્દુ મંદિરોની શોધ અને ઐતિહાસિક તથ્યોને લઈને ચર્ચા તેજ બની છે. તે જ સમયે, મહાકુંભમાં મુસ્લિમોની ભાગીદારી પર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, 'કુંભ તે બધા લોકો માટે છે જે પોતાને ભારતીય



માને છે.' મેં કહ્યું હતું કે જે કોઈ ભારતીય તરીકે આવે છે તેનું સ્વાગત છે, પરંતુ જો કોઈ નકારાત્મક માનસિકતા સાથે આવે છે, તો તે સ્વીકાર્ય નથી. તે જ સમયે, મહાકુંભ પર કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોની ટિપ્પણીઓ પર તેમણે કહ્યું, 'તેમના ઘણા નેતાઓ, મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ આવ્યા હતા.' આ ભાજપનો કાર્યક્રમ નહોતો. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને લોકોની સંભાળ રાખી રહ્યા છે અને તેમના વિશ્વાસનું સન્માન કરી રહ્યા છે. ૧૯૪૭થી ૨૦૧૪ સુધી મોટાભાગનો સમય કોંગ્રેસ સત્તામાં રહી, આ સમયગાળા દરમિયાન તેમણે આ કેમ ન કર્યું? ૨૦૧૯ માં, પીએમ મોદીએ પ્રયાગરાજના કુંભને યુનેસ્કો સાંસ્કૃતિક વારસા તરીકે માન્યતા અપાવી. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીના 'મુસ્લિમો ખતરામાં છે' તેવા નિવેદન પર મુખ્યમંત્રીએ કહ્યું, 'મુસ્લિમો ખતરામાં નથી.' તેમની વોટ બેંકની રાજનીતિ જોખમમાં છે. જે દિવસે ભારતીય મુસ્લિમો પોતાના પૂર્વજોને સમજી જશે, તે દિવસે બધાએ પોતાનો સામાન બાંધીને ભાગી જવું પડશે. ભારતીય મુસ્લિમોએ યાદ રાખવું જોઈએ કે જ્યારે હિન્દુઓ અને હિન્દુ પરંપરાઓ સુરક્ષિત હશે ત્યારે જ તેઓ સુરક્ષિત રહેશે. ૧૯૪૭ પહેલા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ ભારતનો ભાગ હતા. આપણે એ સત્ય કેવી રીતે ભૂલી શકીએ? શું પાકિસ્તાનમાં હિંગળાજ માતાનું મંદિર નથી? શું બાંગ્લાદેશમાં માતા ઢાકેશ્વરીનું કોઈ મંદિર નથી? વકફ સુધારા બિલ પર મુખ્યમંત્રીએ કહ્યું, 'મસ્જિદો પર કબજો કરીને ભાજપ શું કરશે?' વકફના નામે તમે કેટલી જમીનનો કબજો મેળવશો? તેઓ ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે વકફના નામે એક પણ કલ્યાણકારી કાર્ય નથી કર્યું? તેમણે પોતાના અંગત ફાયદા માટે વકફ મિલકતો વેચી દીધી છે. તમને આ શક્તિ કોણે આપી કે તમે કોઈની પણ જમીન પર કબજો કરી શકો છો? કોઈપણ જાહેર જમીન પર કબજો કરશે. વકફ સુધારા બિલ એ સમયની માંગ છે. આ દેશ અને મુસ્લિમો બંનેના હિતમાં હશે.

## દુષ્કર્મ પીડિતાએ એસિડ ફેંકી આરોપીનો ચહેરો બાળી નાખ્યો



। (એજન્સી) ભોજપુર, તા.૨૬ ।

બિહારનો ભોજપુર જિલ્લો એક ભયાનક કાંડથી હચમચી ઉઠ્યો છે. અહીં એક વ્યક્તિએ ઘરમાં ઘૂસીને પોતાની ભાભી સાથે દુષ્કર્મ આચરવું અને પીડિતા દ્વારા આરોપી પર એસિડ ફેંકવાનો મામલો સામે આવ્યો છે. આ સમગ્ર ઘટના સોમવારે રાત્રે ઉદવંતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં બની હતી. આરોપી મહેન્દ્ર સિંહ ઉર્ફે મહેન્દ્ર યાદવ જે તે જ ગામનો રહેવાસી છે. એસિડ હુમલામાં તેનો ચહેરો અને આંખો બળી ગઈ છે. પોલીસ કસ્ટડીમાં તેની સદર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બીજીતરફ માહિતી મળતાં જ FSLની ટીમ પોલીસ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. FSLની ટીમ ઘટનાસ્થળેથી સેમ્પલ એકત્રિત કરીને કેસની તપાસ કરી રહી છે. ઘટના અંગે એવું કહેવામાં આવી રહ્યું છે કે, પીડિતાનો પતિ દિલ્હીમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરે છે. તે તેના બે બાળકો સાથે ગામમાં રહે છે. સોમવારે રાત્રે તે તેના બાળકો સાથે ઘરમાં બેઠી હતી. ત્યારે આરોપીએ તેના ઘરમાં ઘૂસીને મહિલા પર દુષ્કર્મ આચર્યું. ઘટના બાદ ગુસ્સે ભરાયેલી પીડિતાએ ઘરમાં બોટલમાં રાખેલ એસિડ તેના ચહેરા પર ફેંકી દીધું. જેના કારણે આરોપીનો ચહેરો બળી ગયો.

## શશાંક સિંહે શ્રેયસ અય્યરને કેમ સદી પૂરી ના કરવા દીધી?



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ગુજરાત ટાઈટન્સ સામેની અંતિમ ઓવરમાં શશાંક સિંહની આક્રમક બેટિંગને કારણે શ્રેયસ ઐય્યર ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫માં તેની પ્રથમ સદી ચૂકી ગયો હતો. પંજાબની ઈનિંગની ૨૦મી ઓવર શરૂ થઈ ત્યારે શ્રેયસ ઐયર ૯૭ રન બનાવીને નોન-સ્ટ્રાઈકર છેડે ઊભો હતો. મોહમ્મદ સિરાજની આ ઓવરમાં શશાંકે પાંચ ચોગ્ગા ફટકાર્યા જેના કારણે અય્યરને બેટિંગ કરવાની તક મળી ન હતી. ૪૪ રનની અણનમ ઈનિંગ રમનાર શશાંકે કહ્યું કે અય્યરે તેને સ્ટ્રાઈક રોટેટ કરવાનું કહ્યું નહોતું. આ બેટ્સમેને પાછળથી ખુલાસો કર્યો કે પંજાબ કિંગ્સના કેપ્ટને તેની સદીને ધ્યાનમાં લીધા વિના મોટા શોટ રમવાની સૂચના આપી હતી. પંજાબ કિંગ્સની ૧૧ રનની જીત બાદ શશાંકે કહ્યું કે, સાચું કહું તો, મેં સ્કોરબોર્ડ તરફ જોયું ન હતું. પરંતુ પ્રથમ બોલ પર ચોગ્ગો માર્યા પછી, મેં સ્કોરબોર્ડ તરફ જોયું અને શ્રેયસ ૯૭ રન પર હતો. મેં કશું કહ્યું નહીં. તે મારી પાસે આવ્યા અને મને કહ્યું, શશાંક, મારી સદીની ચિંતા કરીશ નહીં. અલબત્ત હું તેમને કહેવા જઈ રહ્યો હતો કે એક રન આપીને તેમને સ્ટ્રાઈક આપવી જોઈએ. શશાંકે કહ્યું કે,આ કહેવા માટે ખૂબ જ મોટા મન અને હિંમતની જરૂર છે કારણ કે T20માં ખાસ કરીને IPLમાં સદી સરળતાથી ફટકારી શકાતી નથી.



નવી દિલ્હીમાં પેરાલમેન્ટ હાઉસ એનેક્સી ખાતે યોજાયેલ લીવર હેલ્થ ચેકઅપ કેમ્પ દરમિયાન લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહ્યા હતા.

ટેરિફ ઘટાડવા વિચારણા

## ભારતમાં અમેરિકાની વ્હિસ્કી અને મોટરસાયકલ થશે સસ્તી

### હાર્લે-ડેવિડસન મોટરસાયકલ, બોર્બોન વ્હિસ્કી અને કેલિફોર્નિયા વાઇન પર આયાત ડ્યૂટી ઘટાડવા વિચારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ટેરિફ વોરની આગાહી સાથે સમગ્ર વિશ્વને હચમચાવ્યું છે. આગામી બે એપ્રિલથી તેઓ રેસિપ્રોકલ ટેરિફ લાદવાની ફિરાકમાં છે. એવામાં ભારત સરકાર અમેરિકા સાથે વાટાઘાટોના માધ્યમથી ટેરિફમાં રાહત લેવા સતત પ્રયત્નશીલ બન્યું છે. ટેરિફ સંબંધિત વાતચીતમાં અમેરિકામાંથી આયાત થતાં હાર્લે-ડેવિડસન મોટરસાયકલ, બોર્બોન



વ્હિસ્કી અને કેલિફોર્નિયા વાઈન પરની આયાત ડ્યૂટી ઘટાડવાનું વિચારી રહ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બંને દેશ અમુક પ્રોડ્કટસ પર ટેરિફ ઘટાડવા સહમત થયા છે.

પતિએ માતા સાથે શારીરિક સંબંધની માંગ કરતા પત્ની સહન ના કરી શકી

## બેંગલુરુમાં મેરઠવાળી : પત્નીએ માતા સાથે મળી પતિની હત્યા કરી

### મેરઠના સૌરભ રાજપૂત મર્ડર કેસ બાદ પત્ની દ્વારા પતિની હત્યાના અનેક કિસ્સો સતત પ્રકાશમાં આવી રહ્યા છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૬ ।

મેરઠના સૌરભ રાજપૂત મર્ડર કેસ બાદ પત્ની દ્વારા પતિની હત્યાના અનેક કિસ્સો સતત પ્રકાશમાં આવી રહ્યા છે. હવે બેંગલુરુમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. અહીં એક પત્નીએ પોતાના પતિની હત્યા કરી દીધી હતી. આશ્ચર્યની વાત છે કે તેણીએ તેની માતા સાથે મળીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. સોલાદેવનાહલ્લી પોલીસે ૧૯ વર્ષીય યશસ્વિની સિંહ અને ૩૭ વર્ષીય હેમા



બાઈની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે મૃતકનું નામ લોકનાથ સિંહ (૩૭ વર્ષ) છે. યશસ્વિની અને લોકનાથના લગ્ન ચાર મહિના પહેલા થયા હતા. યશસ્વિનીના માતા-પિતા આ લગ્નની વિરુદ્ધ હતા.

હવે દેશના નાણાં મંત્રી પર કર્યો કટાક્ષ

## પોલીસનું તેડું, પણ કુણાલ કામરા ટસનો મસ ન થયો

### તેને પૂછપરછ માટે સવારે ૧૧ વાગ્યે હાજર રહેવાનો આદેશ આપ્યો હતોઃ કુણાલ ટસનો મસ થઈ રહ્યો નથી



। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર કોમેડિયન કુણાલ કામરાની ટિપ્પણી પર હોબાળો સતત વધી રહ્યો છે. ખાર પોલીસે કુણાલને નોટિસ મોકલી સમન્સ પાઠવ્યા હતા. તેને પૂછપરછ માટે આજે સવારે ૧૧ વાગ્યે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. જો કે, કુણાલ ટસનો મસ થઈ રહ્યો નથી. તેણે નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પર વધુ એક પેરોડી બનાવી દીધી છે. મુંબઈ પોલીસે જણાવ્યું કે, કુણાલ કામરાને સમન્સ મોકલવામાં આવ્યા છે. પરંતુ તે હાલ મુંબઈમાં ન હોવાથી પૂછપરછ થઈ શકી નથી. તેની વિરુદ્ધ MIDC પોલીસે એફઆઈઆર નોંધી વધુ તપાસ માટે કેસ ખાર પોલીસને સોંપ્યો છે. કુણાલે શિંદે પર એક પછી એક બે પેરોડી બનાવ્યા બાદ હવે દેશના નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પર કટાક્ષ કરતાં ગીત બનાવ્યું છે. જેમાં નિર્મલાને નિર્મલા તાઈ કહીને સંબોધતાં નીતિઓ પર સવાલો ઉઠાવ્યા છે. કામરાએ ગાયું કે, આપકા ટેક્સ કા પૈસા હો રહા હે હવા હવાઈ, ઈન સડકો કી બરબાદી કરને સરકાર હૈ આઈ. મેટ્રો હે ઈનકે મન મેં ખોદ કર કર લે અંગડાઈ, ટ્રાફિક બઢાને યે આઈ, બિઝનેસ ગિરાને યે આઈ, કહેતે હે ઈસકો તાનાશાહી. દેશ મેં ઈતની મહંગાઈ સરકાર કે સાથ હે આઈ, લોગો કી લૂંટને કમાઈ સાડી વાલી દીદી આઈ, સેલરી ચૂરાને યે હૈ આઈ. મીડલ ક્લાસ દબાને યે હેહીઆઈ, પોપકોર્ન ખિલાને યે હે આઈ, કહેતે હે ઈસકો નિર્મલા તાઈ. કામરાએ અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સવાલ ઉઠાવતા મીડિયાને પણ આડે હાથ લીધું. તેણે કહ્યું કે, મીડિયાએ યાદ રાખવું જોઈએ કે ભારતમાં પ્રેસની આઝાદી ૧૫૯મા સ્થાન પર છે. હું ન તો આ ભીડથી ગભરાતો કે ન તો તેનાથી છુપાવા હું બેડની નીચે છુપાઈને આ વિવાદના અંતની રાહ જોઈશ.

ગામલોકોએ પકડીને લગ્ન કરાવી દીધા

## મેળામાં આવેલા યુવક-યુવતી ચકડોળમાં કરવા લાગ્યા ગંદી હરકત

। (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૨૬ ।

બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાંથી પ્રેમ પ્રસંગ અને લગ્નનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં પ્રેમિકાના ગામમાં મેળામાં ફરવા આવેલા યુવકે પહેલા મેળામાં પ્રેમી સાથે ફર્યો, બાદમાં ચકડોળ પર અશ્લીલ હરકતો કરવા લાગ્યો, આ ઘટના ગામલોકો જોઈ ગયા. ત્યાર બાદ ગામલોકોએ તેને ખૂબ માર્યો. બાદમાં સહમતિ થઈ તો બંનેના લગ્ન કરાવી દીધી. આખો મામલો મુઝફ્ફરપુર જિલ્લાના જજુઆર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કટાઈ પંચાયતના ઉફરૌલી ગામનો



છે. હકીકતમાં જોઈએ તો, કટરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારના નવાદા ગામના રહેવાસી વિજય કુમાર પોતાની પ્રેમિકાને મળવા પાડોશના ગામ જજુઆરના ઉફરૌલીમાં યોજાતા મેળામાં પહોંચ્યો હતો. આ દરમ્યાન તેણે પ્રેમિકાને પણ મળવા બોલાવી હતી અને બંને મળ્યા બાદ ચકડોળ પર બેસીને મજા લેતા અશ્લીલ હરકતો કરતા હતા. આ દરમ્યાન ત્યાં સ્થાનિક લોકોની નજર તેમના પર પડી. લોકોએ પહેલા તો યુવકને પકડી લીધો અને બાદમાં તેની ધોલાઈ કરી. પછી પ્રેમી કપલના પરિવારની શોધ કરી તેમને આ મામલે જાણ કરવામાં આવી. સૂચના મળતા જ બંને છોકરા છોકરીના પરિવારના લોકો આવી પહોંચ્યા. સ્થાનિક લોકોની મદદથી બંનેના લગ્ન કરાવી દીધા. કહેવાય છે કે યુવતી રંગીલા કુમારીના પિતાનું નિધન થઈ ચુક્યું છે અને તે ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવે છે.

સુપ્રીમ કોર્ટે જજને લગાવી ફટકાર

## સ્તન પકડવા એ રેપનો મામલો નથી...' સુપ્રીમ કોર્ટે HCના ચુકાદા પર લગાવી રોક

### હાઈકોર્ટ દ્વારા આપવામાં આળેલા આ ચુકાદાને સુપ્રીમ કોર્ટે અસંવેદનશીલ-અમાનવીય ગણાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દેશની સર્વોચ્ચ અદાલતે અલાહાબાદ હાઈકોર્ટના વિવાદિત નિર્ણય પર મોટો ફેંસલો આપ્યો છે. અલાહાબાદ હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે ફક્ત સ્તન પકડવા તે બળાત્કારનો અપરાધ ન ગણી શકાય. સુપ્રીમ કોર્ટે બુધવારે અલાહાબાદ હાઈકોર્ટના એ વિવાદિત આદેશ પર રોક લગાવી જેમાં કહેવાયું હતું કે એક સગીરાના સ્તનના પકડવા, તેના પાયજામાનું નાડું તોડવું એ બળાત્કારની પ્રયાસ ગણી શકાય નહીં. ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું કે તેમને એ કહેતા તકલીફ થઈ રહી છે કે હાઈકોર્ટના આદેશમાં કરાયેલી કેટલીક ટિપ્પણીઓ સંપૂર્ણ રીતે અસંવેદનશીલ અને અમાનવીય દ્રષ્ટિકોણવાળી છે. ચુકાદો લખનારા તરફથી સંવેદનશીલતાનો અભાવ જોવા મળ્યો. નિર્ણય તત્કાળ લેવાયો નહતો, પરંતુ ચુકાદો સુરક્ષિત રાખ્યાના ૪ મહિના બાદ સંભળાવવામાં આવ્યો. એક રિપોર્ટ મુજબ સુપ્રીમ કોર્ટે કહ્યું કે જજ માટે કઠોર શબ્દોનો ઉપયોગ કરવા બદલ દિલગીર છીએ, પરંતુ આ ગંભીર બાબત છે અને



જજે ક્ષણિક આવેગમાં આ આદેશ આપ્યો નથી. લાઈવ લોએ સુપ્રીમ કોર્ટની બેન્ચના હવાલે કહ્યું કે, પેરા ૨૪, ૨૫, ૨૬ માં કરાયેલી ટિપ્પણીઓ કાયદા મુજબ માન્ય નથી અને અસંવેદનશીલતા દર્શાવે છે, આથી અમે તેના પર રોક લગાવવાના પક્ષમાં છીએ. અમે કેન્દ્ર, ઉત્તર પ્રદેશને નોટિસ પાઠવીએ છીએ. બેન્ચે અલાહાબાદ હાઈકોર્ટના ૧૭ માર્ચના આદેશ સંબંધિત મામલામાં નોંધ લેતા શરૂ કરાયેલી કાર્યવાહીમાં કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને અન્યને નોટિસ પાઠવી. હાઈ કોર્ટે ૧૭ માર્ચના રોજ પોતાના એક આદેશમાં કહ્યું હતું કે માત્ર સ્તન પકડવા અને પાયજામાના નાડાન કેંચવું બળાત્કારના અપરાધના દાયરામાં આવતું નથી પરંતુ આ પ્રકારના અપરાધ કોઈ પણ મહિલા વિરુદ્ધ હુમલા કે અપરાધિક બળના ઉપયોગના દાયરામાં આવે છે. આ આદેશ ન્યાયમૂર્તિ રામ મનોહર નારાયણ મિશ્રાએ બે વ્યક્તિઓ દ્વારા દાખલ કરેલી એક અરજી પર આપ્યો હતો.

૪.૨ની તીવ્રતાથી ધ્રૂજી ધરા

## ચીનમાં મોડી રાત્રે ભયંકર ભૂકંપનો આવ્યો આંચકો

### સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે : ભૂકંપ બાદ કોઈ મોટું નુકસાન થયું નથી

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૬ ।

ભારતના પાડોશી દેશ ચીનમાં બુધવારે (૨૬ માર્ચ) સ્થાનિક સમય અનુસાર સવારે ૧:૨૧ વાગ્યે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તર ચીનના હેબેઈ પ્રાંતના લેંગફેંગમાં સ્થિત યોંગકિંગ કાઉન્ટીમાં આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર (CENC) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૨૦ કિલોમીટર નીચે હતું. ભૂકંપનું કેન્દ્ર બેઈજિંગની નજીક હતું, જેના કારણે ત્યાંના રહેવાસીઓએ પણ હળવા આંચકા અનુભવ્યા હતા. ચીનની એલર્ટ સિસ્ટમે તરત જ લોકોના ફોન પર એલર્ટ મેસેજ જાહેર કર્યા, જેનાથી લોકોને એલર્ટ રહેવાનો મોકો મળ્યો. નોંધનિય છે કે, ચીન ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ દેશોમાંથી એક છે.



હળવાથી ગંભીર તીવ્રતાના ધરતીકંપો અહીં સમયે સમયે આવે છે, ખાસ કરીને ઉત્તર અને પશ્ચિમી પ્રદેશોમાં. ચીનના ઉત્તરી હેબેઈ પ્રાંતમાં આવેલા ૪.૨ની તીવ્રતાના આ ભૂકંપમાં કોઈ ગંભીર નુકસાન થયું નથી. જોકે, બેઈજિંગ અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને કોઈ ઈમરજન્સી પગલાંની જરૂર નથી. ભૂકંપ બાદ કોઈ મોટું નુકસાન થયું નથી. ચીનમાં ભૂકંપની આશંકા યથાવત છે. આ દેશ વિશ્વના એવા પ્રદેશોમાંનો એક છે જ્યાં નાના-મોટા ભૂકંપ નિયમિતપણે આવે છે. ચીનની ભૌગોલિક સ્થિતિ અને ટેકટોનિક પ્લેટોની ગતિવિધિને કારણે અહીં ભૂકંપની વધુ ઘટનાઓ બને છે. ચીનનો લેન્ડમાસ એશિયન અને ભારતીય પ્લેટોની અથડામણ વચ્ચે સ્થિત છે. આ ટેકટોનિક સીમા પર સતત દબાણ અને હિલચાલને કારણે ચીનમાં ભૂકંપ સામાન્ય છે. હિમાલયની પર્વતમાળા પણ આ અથડામણનું પરિણામ છે. આ ઉપરાંત, ચીનના ઘણા વિસ્તારો ધરતીકંપની દ્રષ્ટિએ સક્રિય છે, જેમાં પશ્ચિમ અને દક્ષિણ ભાગો ખાસ કરીને ભૂકંપની સંભાવના ધરાવે છે. ૧૨ મે, ૨૦૦૮ના રોજ સિચુઆન પ્રાંતમાં ૭.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેમાં લગભગ ૮૭,૦૦૦ લોકો માર્યા ગયા અને લાખો લોકો બેઘર થયા.

## તંત્રી લેખ...

# અમેરિકાની ચૂંટણી પ્રણાલીમાં ટ્રમ્પે કર્યો મોટો ફેરફાર

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે એક મહત્ત્વપૂર્ણ કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતાં. જેમાં અમેરિકાની ચૂંટણી પ્રક્રિયામાં વ્યાપક ફેરફારોને અનિવાર્ય કરવામાં આવ્યા છે. આ પગલું એવા સમયે ઉઠાવવામાં આવ્યું છે, જ્યારે અમેરિકામાં ચૂંટણી પ્રક્રિયા મુદ્દે અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ આદેશ હેઠળ મતદારોએ રજિસ્ટ્રેશન માટે નાગરિકતાનું પ્રમાણ, જેમ કે, પાસપોર્ટ અનિવાર્યપણે રજૂ કરવો પડશે. તેમજ તમામ બેલેટ પેપર ચૂંટણીના દિવસ સુધી તમામને મળી રહે તેની ખાતરી કરવાની રહેશે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ આદેશનો ઉદ્દેશ ચૂંટણીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાનું છે. આ કાર્યકારી આદેશ હેઠળ બેલેટ્સ પેપર ચૂંટણીના દિવસે જ લોકોને મળી રહે તેની ખાતરી કરવાની રહેશે. ટ્રમ્પે આ મુદ્દે જણાવ્યું હતું કે, ઘણા રાજ્યો આ કાયદાનું પાલન કરતા નથી. ચૂંટણી બાદ પણ બેલેટ્સ પેપરનો સ્વીકાર કરે છે. જે ખોટું છે. તેમજ વિદેશી નાગરિકોને ચૂંટણીમાં મત આપતા અટકાવવા માટે કડક નિયમોનું પાલન કરવામાં આવશે. મતદાન પ્રણાલીમાં બેલેટ્સ પેપરનો ઉપયોગ અનિવાર્ય રહેશે, જેથી મતદારો પોતાના મતની ખાતરી કરી શકશે અને છેતરપિંડીથી બચી શકાશે.આ વ્યાપક આદેશ બાદ ફેડરલ વોટર રજિસ્ટ્રેશન ફોર્મમાં સંશોધન કરવામાં આવ્યું છે. જેમાં મતદાન માટે હવે દેશના નાગરિક હોવાનું પ્રમાણ અનિવાર્ય રહેશે. તેમજ ચૂંટણીના દિવસ બાદ મળતાં મેઈલ-ઈન બેલેટ્સનો સ્વીકાર કરવામાં આવશે નહીં. તમામ રાજ્યોને આ આદેશનું પાલન કરવા ફરજ પાડવામાં આવશે. પ્રમુખ ટ્રમ્પે લાંબા સમયથી ચૂંટણીની અનિયમિતતાઓ અને છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને મેઈલ-ઈન વોટિંગના સંદર્ભમાં. જો કે, આ દાવાઓને સમર્થન આપતા નક્કર પુરાવા મળ્યા નથી. આ ઓર્ડર રિપબ્લિકન સમર્થિત સેફગાર્ડ અમેરિકન વોટર એલિજિબિલિટી (સેવ) એક્ટના ધ્યેયો સાથે સુસંગત છે, જે મતદારની યોગ્યતાની કડક ચકાસણીની હિમાયત કરે છે. આ એક્ઝિક્યુટિવ ઓર્ડરને કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે.

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે ડીડીડબ્લ્યુએસ, યુનિસેફનું 'રિપલ્સ ઓફ ચેન્જ' પ્રકાશન શરૂ કર્યું છે





કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર.પાટીલે આજે નવી દિલ્હીમાં ''રિપલ્સ ઑફ ચેન્જઃ જેન્ડર-ટ્રાન્સફોર્મેટિવ રૂરલ વોશ પ્રોગ્રામ્સ ઈન ઈન્ડિયા'' પુસ્તકનો શુભારંભ કરાવ્યો હતો. જલ શક્તિ મંત્રાલય અને યુનિસેફ ઈન્ડિયાના ડ્રિંકિંગ વોટર એન્ડ સેનિટેશન વિભાગ (ડીડીડબલ્યુએસ)ના સંયુક્ત પ્રકાશનમાં રિપલ્સ ઓફ ચેન્જ ગ્રામીણ ભારતની દસ શક્તિશાળી વાર્તાઓ રજૂ કરવામાં આવી છે. યુનિસેફ (UNICEF) દ્વારા દસ્તાવેજીકરણ કરાયેલી આ વાર્તાઓ લૈંગિક સશક્તીકરણ, સામુદાયિક નેતૃત્વ અને પાયાના સ્તરે નવીનતાના ચશ્માં મારફતે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અને જલ જીવન મિશનની પરિવર્તનશીલ અસરને પ્રતિબિંબિત કરે છે. આ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ જલ શક્તિ મંત્રાલય (પેયજળ અને સ્વચ્છતા વિભાગ)ની અપગ્રેડેડ વેબસાઈટ પોર્ટલનો પણ શુભારંભ કરાવ્યો હતો. અપગ્રેડેડ વેબસાઈટ એ પ્રથમ એવા કેટલાક સરકારી પ્લેટફોર્મમાં સામેલ છે, જેને લેટેસ્ટ ડિજિટલ બ્રાન્ડ આઈડેન્ટિટી મેન્યુઅલ (ડીબીઆઈએમ) અને માર્ગદર્શિકા ફોર ઈન્ડિયન ગવર્નમેન્ટ વેબસાઈટ્સ (જીઆઈજીડબલ્યુ) ૩.૦નું સંપૂર્ણ પાલન કરીને સફળતાપૂર્વક ઓનબોર્ડ અને રિવાઈઝ કરવામાં આવ્યું છે. ડીબીઆઈએમ એક વિસ્તૃત સ્ટાઈલ ગાઈડ તરીકે કામ કરે છે અને ભારતના ડિજિટલ ફૂટપ્રિન્ટ વચ્ચે સુમેળ સાધવા માટે જરૂરી વિઝ્યુઅલ, ટેક્સ્ચુઅલ અને અનુભવજન્ય તત્ત્વોની રૂપ રેખા આપે છે. ભારત સરકાર માટે સંકલિત અને એકીકૃત ડિજિટલ ઓળખના પ્રધાનમંત્રીના વિઝન સાથે સુસંગત આ મંત્રાલયની સુધારેલી વેબસાઈટ નીચે મુજબની બાબતોની ખાતરી આપે છેઃ સતત સરકારી બ્રાન્ડિંગ અને ઓળખી શકાય તેવા ઈન્ટરફેસ મારફતે સંવર્ધિત નાગરિક વિશ્વાસ, સમાવિષ્ટ ડિઝાઈન, બહુભાષી સપોર્ટ અને તમામ વપરાશકર્તાઓ માટે વધુ સારી નેવિગેશન સાથે સુધારેલી સુલભતા, ઉચ્ચ સુરક્ષા અને પ્રમાણિત ટેક પ્રોટોકોલ્સ અને અપડેટેડ સુરક્ષા પદ્ધતિઓનું પાલન, વ્યાપક સર્વસમાવેશકતા અને કાર્યક્ષમતા સ્થાનિક વપરાશકર્તાઓ અને વૈશ્વિક હિસ્સેદારો સાથે સીમલેસ ક્રિયા-પ્રતિક્રિયાને મંજૂરી આપે છે, અપગ્રેડેડ પોર્ટલ હવે યુનિફાઈડ ઈન્ટરફેસ, સાતત્યપૂર્ણ બ્રાન્ડિંગ અને ટેકનોલોજી સ્ટાન્ડર્ડાઈઝેશન ધરાવે છે. જે જલ શક્તિ મંત્રાલય (પેયજલ અને સેનિટેશન વિભાગ)ને ડિજિટલ ઉત્કૃષ્ટતા અને સુલભતાનું ઉદાહરણ બનાવે છે. આ પ્રસંગે બોલતા મંત્રીએ જણાવ્યું હતું કે, ''રિપલ્સ ઓફ ચેન્જની વાર્તાઓ આપણને યાદ અપાવે છે કે જ્યારે મહિલાઓ નેતૃત્વ કરે છે, ત્યારે પરિવર્તન આવે છે.'' રિપલ્સ ઓફ ચેન્જ એ માત્ર એક પુસ્તક નથી, તે આપણા ગામોમાં થઈ રહેલી મૂક ક્રાંતિઓનું પ્રતિબિંબ છે. સ્વચ્છ ભારત અને જલ જીવનનાં અભિયાનો માત્ર માળખાગત સુવિધાઓ માટે જ નથી. પરંતુ તેમાં સન્માન, સશક્તીકરણ અને પરિવર્તનનો પણ સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીશ્રીના દીર્ઘદૃષ્ટા નેતૃત્વ હેઠળ, મને ગર્વ છે કે અમારું મંત્રાલય અમારી અપગ્રેડેડ વેબસાઈટને લૉંચ કરવાની સાથે ડિજિટલ ગવર્નન્સમાં નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે.

**જીવનમાં કોઈ અજાણી દિશાએ જવાનું હોય, તો આપણે સામાન્ય રીતે તેની જાણકારી પ્રાપ્ત કરીએ છીએ**

# નરસિંહ જેવી અનન્ય દ્રષ્ટિ હોય તો જ "બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે"! એ સત્ય સમજાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પ્રકૃતિનાં રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની પ્રકૃતિનાં અણું અણુંમાં પરમ તત્વનો વાસ છે, હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર સ્થિરતાથી અંતરમાં ધારણ કરે છે, સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ધવલ પ્રકાશ આપે છે, અને આકાશ પોતાની છત્ર છાયામાં સદા સૌને હેમખેમ રાખે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વર્તમાન સમય એક સ્પર્ધાત્મક યુગ છે, અને દરેક વખતે અને દરેકની જીત તો શક્ય નથી! કોઈને કોઈ તો અહીં હારે જ છે! અને હારે એટલે ડિપ્રેશનનો શિકાર બને! આ ડિપ્રેશન માંથી બહાર આવવા સ્વજનોની હુંફ અને સ્વયંનો આત્મવિશ્વાસ આ બે બહું જરુરી છે! આત્મ વિશ્વાસની કમી આત્મબળના અભાવે આવે છે! આત્મબળ એકઠું કરવા જાગૃતિની બહુ જ જરૂર છે, અને એ પણ દરેકે દરેક વ્યક્તિએ પોતે પોતાની જાતને જગાડીને હકારાત્મકતા તરફ લઈ જવાની છે, તો એવાં સમયે આપણે એમ કહી શકાય કે, જાગૃતિનાં અધિષ્ઠાતા દેવ નરસિંહ છે. મનુષ્ય પ્રકૃતિ સાથે અનુસંધાન કેળવે, અને પરિસ્થિતિ સાથે સમાધાન કરે તો જીવનમાં સહનશીલતા વધતી દેખાય. પરંતુ આપણી ભૂલ ત્યાં થઈ કે, પરિસ્થિતિની બદલે જાત સાથે સમાધાન કરવા માંડ્યા. આ મોહ નિંદ્રામાંથી જાગવું પડશે, ત્યારે આપણે પ્રકૃતિ સાથેનું અનુસંધાન કેળવીને જીવનને હકારાત્મક બનાવી શકીશું. આજે નરસિંહનું એવા જ એક પદ પર ચિંતન કરીએ.

**નરસિંહ મહેતા**
**જાગીને જોઉં તો જગત દીસે નહીં,**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે;**
**ચિત્ત ચૈતન્ય-વિલાસ-તદ્રૂપ છે,**
**બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.**

કવિ અહીં,તમસ રાત્રીમાં જીવ જે મોહ નિદ્રા કરી રહ્યો છે, તેમાંથી જાગવાની વાત કરે છે. એટલે કે મોહ અને મમતાને કારણે પોતાનું જીવન જે સ્વના વર્તુળમાં ફરે રાખે છે, તેમાંથી બહાર નીકળી અને અન્ય તરફ દૃષ્ટિ કરે તો કહેવાતું જગત એટલે કે હું અને મારો પરિવાર એ ક્યાંય દેખાતું નથી, અને કણકણમાં ચૈતન્યના દર્શન થાય છે, એટલે કે પરમ કૃપાળુ પરમાત્માનાં વિલાસથી આ સૃષ્ટિનું સર્જન થયું છે, અને એક એક ક્ષણમાં તે બિરાજમાન છે, તેની પ્રતીતિ થાય છે. બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, એટલે કે પ્રકૃતિનાં એક એક અંગમાં જો પરમાત્મા બિરાજમાન હોય, તો બંને સાપેક્ષ રીતે એકબીજા સામે પોતાનું કર્તવ્ય કર્મ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. શક્ય છે કવિની કક્ષા



એ સમયે કંઈક અલગ રહી હશે, અને તેમને આંબાની કેરીમાં પણ એ જ ઈશ્વર દેખાયો હશે, અને બાવળના કાંટામાં પણ એ જ કદાચિત. ગાયનું વાછરડું, અને કુતરા બિલાડાનું બચ્ચું બંનેમાં પણ તેને એ જ પરબ્રહ્મ દેખાયો હોઈ શકે, જ્યારે આપણે ગાય કુતરાનાં બચ્ચા આપણા વાહનોની હડફેટે આવે, તોપણ ગાડી રોકવાનું સૌજન્ય દાખવતા નથી. કારણકે ત્યાં મારાપણાનો ભાવ નથી. પરંતુ નરસિંહ નરસિંહ છે, તેને તો દરેકમાં મુરલી મનોહરના દર્શન થાય છે.

**પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપજ્યાં,**
**અણુ અણુ માંહી રહ્યા રે વળગી;**
**ફૂલ અને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,**
**થડ થકી ડાળ નવ હોય અળગી.**

પ્રકૃતિનાં રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની પ્રકૃતિનાં અણું અણુંમાં પરમ તત્વનો વાસ છે. હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર સ્થિરતાથી અંતરમાં ધારણ કરે છે. સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ધવલ પ્રકાશ આપે છે, અને આકાશ પોતાની છત્રછાયામાં સદા સૌને હેમખેમ રાખે છે. આ પાંચે પાંચ પંચમહાભૂત પોતાનું અસ્તિત્વ પરબ્રહ્મથી જ છે, અને પોતાનાં અણુ અણુમાં તેનો નિશ્ચિત રૂપે વાસ છે, તે સત્યને જાણીને વળગી રહે છે, માટે પ્રકૃતિ ક્યારેય સ્વનું વિચારતી નથી. જેમ ફળ અને ફૂલ જે તે વૃક્ષના જ હોય છે, એટલે કે આંબામાં કેરી હોય તો એ આંબાની જ હોય, અને ગુલાબના છોડમાં ફૂલ હોય તો એ ગુલાબના છોડનું જ ફૂલ છે. તે રીતે આપણે સૌ પણ એ પરમ કૃપાળુ પરમાત્માના સંતાન છીએ, એ સત્ય આપણા જીવનનું સૌથી પ્રથમ અને અંતિમ સત્ય બની રહે, તો જીવનનાં સુખદુઃખ આપણાં હિત માટે જ છે, એવું આપણે વિચારી શકીએ. કારણ કે મા-બાપ પોતાના સંતાનની પ્રગતિ માટે ક્યારેક કઠીન તો ક્યારેક કોમલ કૃપા કરતા હોય છે. વૃક્ષ પોતાની ડાળને અળગી રાખી શકતો નથી, એટલે કે ડાળનું અસ્તિત્વ સતત ઝાડ સાથે જોડાયેલું હોય છે! એમ આપણે પણ તેની સાથે જોડાયેલા છીએ, પછી જે કંઈ થાય તે મારા હિત માટે જ થાય છે એવું વિચારી શકાય.

**વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ**
**દે : કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;**
**ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,**
**અંતે તો હેમનું હેમ હોયે.**

વેદ તો કહે જ છે કે તેની શ્રુતિ એટલી જ પરમાત્માની સ્મૃતિ જો બનાવી રાખીએ, તો આ જડ અને ચેતનનો ભેદ પણ અહીં નગણ્ય લાગે, એટલે કે આ સારું ને આ ખરાબ, એવો ભેદ ન રહે. કારણ કે સોનુ સૌને પ્રિય હોય, અને એ જ રીતે લોઢું સૌ ત્યજી દે તે પરમ કૃપાળુ પરમાત્મા એ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણ આનંદ લઈ શકતા નથી. એટલે કે કમળ અને ગુલાબ, મોગરો, જેવા આકર્ષક પુષ્પ પસંદ આવે. પરંતુ બારમાસીનું કોઈ મૂલ્ય નહીં એવું ન્હોય, અહીં દરેકે દરેક પ્રાકૃતિક તત્વો આપણને જ્યારે પૂર્ણતઃ પ્રસન્નતા આપે, ત્યારે જ આપણે એ સત્યને સમજી શકીએ. ઈશ્વર તત્વ તો સર્વમાં વ્યાપ્ત છે, પછી તે પ્રકૃતિનું ગમે તે અંગ હોય ખાલી તેના ઘાટ જુદા છે,અંતે તો હેમનું હેમ હોયે, એટલે કે મૂળ તત્વ તો એ જ પરબ્રહ્મ છે, એ સત્ય સમજીને જીવનમાં દરેકે દરેકનો સ્વીકાર કરીએ, દરેકે દરેકને પ્રેમ કરીએ, તો જ પરમાત્માએ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણતઃ આપણે આનંદ લઈ શકીએ.

**જીવ ને શિવ તે આપ-ઈચ્છાએ થયો,**
**ચૌદ લોક રચી જેણે ભેદ કીધા;**
**ભણે નરસૈંયો 'એ તે જ તું',**
**'એ તે જ તું',**
**એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.**

જીવનું અવતરણ આ પૃથ્વી પર માત્ર ને માત્ર શિવની ઈચ્છાથી જ થયું છે. એણેજ ચૌદ બ્રહ્માંડની રચના કરીને જીવ અને શિવ એમ બે અલગ રૂપ કરીને ભેદ કર્યા છે, કારણ કે શિવની ઈચ્છા હતી, કે મેં બનાવેલી સૃષ્ટિનો કોઈ ઉપભોગ કરે. એટલે કે આ પ્રકૃતિને કોઈ માણે. નરસૈંયો સદગુરુની કૃપાથી એકએક પ્રાકૃતિક તત્વમાં તેના દર્શન કરી એ જ તું! એ જ તું!એમ એ પરમાત્માને પોકારે છે, અને એના સ્મરણથી જ નિત્ય આનંદ પ્રાપ્ત કરે છે. જીવનમાં કોઈ અજાણી દિશાએ જવાનું હોય, તો આપણે સામાન્ય રીતે તેની જાણકારી પ્રાપ્ત કરીએ છીએ, અને તે પણ, તે જગ્યાએ જઈ આવેલા હોય, તેની પાસેથી તે પ્રદેશ વિશે પૂરી જાણકારી મેળવીને આપણે જતા હોઈએ છીએ. દાખલા તરીકે ત્યાં ઠંડી, ગરમી, કેવી છે, ત્યાં આગળ ખોરાક કંઈ રીતનો મળે છે, અને ત્યાં આગળ જવું એ સારી વાત છે, કે ખતરો છે. આ બધી જ તપાસ કરીને આપણે જતાં હોઈએ છીએ. તો પરબ્રહ્મ કે પરમાત્માને આપણે જોવા જાણવા માટે પણ, આ રીતે એ તત્વને નજીકથી જેમણે જોયા છે એવા કોઈ સદગુરુની દ્વારા આપણે ત્યાં જવા ડગ ભરીએ, તો તે દિશામાં ઝડપથી આગળ વધી શકાય છે, અને સચ્ચિદાનંદને ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે, તો નરસૈંયાએ તો શ્રીકૃષ્ણ રૂપી પરમ કૃપાળુ પરમાત્માને નજીકથી ઓળખ્યો છે, અથવા તો શ્રીકૃષ્ણની તેની પર ખૂબ મહેર છે, અને તેનાં તમામ કાર્યો તેણે કર્યા છે, તો એની જાગૃતિથી મળેલી દ્રષ્ટિથી આપણે પરમાત્માને જોવા જાણવા અને માણવા માટે નીકળીએ, તો એ પરબ્રહ્મ આપણને ઝડપથી મળી શકે. જાગીશું અને જાગતા રહીશું, તો ક્યારેક ને ક્યારેક પરબ્રહ્મને પામી શકીશું, અથવા તો માણી શકીશું, અને સૌ કોઈ આ પરબ્રહ્મને નરસૈયાની જેમ માણી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**યશોદા ગોપીઓને કહે છે, તમે કહો છો કે લાલો તોફાન કરે છે, પણ હું જ્યારે પૂછું છું ત્યારે તે ના પાડે છે**

# મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે, તો જીવનમાં પરીક્ષા આવી શકે, પરંતુ સમસ્યા તો નહીં જ આવે !!




**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**'આપણી સમગ્ર જાતને ઈશ્વરાભિમુખ તો કરી શકાય, કેવળ ઊંડી, સાચી અને સરળ શ્રદ્ધાને જોરે જ આમાંથી ઉદભવતી આશા ઈશ્વર સાથે સંબંધ બાંધવો શક્ય છે એ બતાવે છે ને પ્રેમ આપણને જણાવે છેકે ઈશ્વરની ઈચ્છાને પાર પાડવી એ જ સૌમાં ખરીને અસલ ચીજ છે.**

આજે હદય મનમાં કંઈક આ ગણગણાટ ચાલતો હતોને કલમે મહત્વ તેને જ આપીને ભગવદ્ ગીતા જ્ઞાન પીરસવાની શરૂઆત કરી, મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે એ સંતોનાં ચરણ કમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે,દીન દુઃખીયાને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે મૈત્રી ભાવનુંપ માર્ગ ભૂલેલાં જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું, કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું, માનવતાની શુભ્ર ભાવના, હૈયે સૌ માનવ લાવે,વેર ઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાયે મૈત્રી ભાવનું મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી. ઓ સંકટના હરનારા, તારી કરુણા નો કોઈ પાર નથી. મૈત્રી એટલે મિત્ર મિત્ર વચ્ચેનો સંબંધ તેમ પ્રાર્થના એટલે ભગવાન અને ભક્ત વચ્ચેનો સંબંધ પ્રાર્થના ને આપણેના આવડે તેવી જટિલ બાબત ધારી લઈએ છીએ આપણો આ ખ્યાલ સાચો નથી. પ્રાર્થના એક સરળ બાબત છે. સંત કહે છે : 'માનસિક પ્રાર્થનાએ ગાઢ મૈત્રી સંબંધ સિવાય બીજું કશું નથી.જે આપણને ચાહી રહ્યો છે એમ આપણે જાણીએ છીએ તેનામાં તન્મય બનીને કરેલો એ વાર્તાલાપ જ છે. જપ, યોગ આ બધું પ્રાર્થનામાં ખપ આવે ખરું પણ એ ખરેખર પ્રાર્થના નથી. એ તો પ્રાર્થનાનાં માત્ર સાધનો છે. પ્રાર્થના તો છે ઈશ્વરને આત્મ સમર્પણ. જપ, યોગ ઈત્યાદિ એ નિસરણીનાં પગથિયા સમાં છે. જે આપણને પ્રાર્થનાના અંતિમ



ચરણ આત્મ સમર્પણ સુધી પહોંચાડે છે. પ્રાર્થનાને આપણે 'પ્રણામ' જેવી સાદી ક્રિયા જોડે જોડી શકીએ. હું મારા બે હાથ જોડુંને આખે આખો ઈશ્વરને સોંપાઈ જાઉં એવો પ્રાર્થનાનો ભાવ પ્રણામમાં વ્યક્ત થાય છે. આપણે આગળ જોયું તેમ મારા માં આવેલા સાચા પરિવર્તનની નિશાની જ એ છે કે હું મારી જાતનો સુકાની મટી જાઉં છુંને ઈશ્વરને મારો સુકાની બનાવી દઉં છું.આજ લગી મારા જીવનના કેન્દ્રમાં હું હતો,હવે ત્યાં હું ને ભૂંસીને ઈશ્વરને સ્થાપું છું. 'ધ્યાન એક એવી પ્રાર્થના છે જેમાં માણસ કેવળ મનથી વિચારતો નથી અને હોઠથી કશું રટતો નથી. બલકે અમુક અર્થમાં તો એ આખે આખો ભાવમગ્ન બની જાય છે. પ્રાર્થનાએ માત્ર શબ્દોની ગોઠવણી નથી અથવા દિલમાં ઉદભવતી ઈચ્છાઓની કે માગણીઓની હાર માળા નથી. પ્રાર્થના તો સમગ્ર સંવેદનાનો ઈશ્વરને ચરણે મૌન, એકાગ્રતા અને ભક્તિ સ્વરૂપે થયેલો આવિર્ભાવ છે.ધ્યાનમય પ્રાર્થનામાં ઈશ્વર ચરણે આપણી સમગ્ર જાતનું સમપર્ણ છે. જો આપણે આપણા ભીતરને પૂરેપૂરું ઈશ્વર ભણી વાળ્યા વિના જ ઈશ્વરનું ધ્યાન ધરવાનો પ્રયત્ન કરીએ તો છેવટે આપણે આપણી જાતનું જ ધ્યાન કરવા ભણી વળી જઈશું ને કદાચ આપણે આપણી ઈંદ્રિય-પરાયણ પ્રકૃતિના હૂંફાળા તિમિરના કોચલામાં જ પૂરાઈ જઈશું. આ તિમિર એવું તો નથી જજેમાં કોઈ માણસ નચિંતપણે સૂતેલો રહી શકે. બીજી બાજુ જો આપણે આપણા તરંગોને લાગણીઓ પર જ વધારે પડતા ઝૂકી જઈએ. તો પણ આપણે ઈશ્વરાભિમુખ થઈ શકવાના નહિ, બલ્કે આપણે આપણા તરંગોના વમળોમાં જ ખેંચાઈ જઈશું ને આપણી રચેલી માયાજાળને જ ધર્મનો અનુભવ માનીશું.ને આ બાબત પણ એટલી જ ખોટી છે. 'આપણી સમગ્ર જાતને ઈશ્વરા ભિમુખ તો કરી શકાય. કેવળ ઊંડી, સાચી અને સરળ શ્રદ્ધાને જોરે જ આમાંથી ઉદભવતી આશા ઈશ્વર સાથે સંબંધ બાંધવો શક્ય છે એ બતાવે છે ને પ્રેમ આપણને જણાવે છેકે ઈશ્વરની ઈચ્છાને પાર પાડવી એ જ સૌમાં ખરીને અસલ ચીજ છે. ઈશ્વર ઘરમાં આવે અને ઘરધણી સૂતેલો રહે એ કેવું કહેવાય? એવાને જગાડવા કંઈ કરવું પડે ને? ઈશ્વર કયા રૂપે ઘરે આવે તે કહી શકાતું નથી. કોઈકવાર તે વૃદ્ધરૂપે, કોઈ વાર દરિદ્રરૂપે, તો કોઈ વાર ભિક્ષાર્થી રૂપે આવે છે. માટે ઘરે જે કોઈ આવેતે દરેકનું સન્માન કરજો અતિથિ દેવો ભવ અને અતિથિને દેવ માનવાનું કહ્યું છે તે ખોટું નથી. ઈશ્વરનું કોઈ એક રૂપ નથી. ઈશ્વર અનેક રૂપો ધરે છે.તે અનેક રૂપ ધારી છે. તે આકારરહિત પણ છે અને અનેક આકારવાળો પણ છે. પરમેશ્વર કોઈપણ સ્વરૂપે આવે છે. આ જીવ પ્રમાદ-નિદ્રામાં સૂતો છે એટલે તેને આ બધી સમજ પડતી નથી. યશોદોએ ગોપીઓને સૂચન કર્યું, તમારાં છોકરાંઓને પિયેર મૂકી આવો તો? ત્યારે એકગોપી બોલી, મા, એ પણ મેં કરી જોયું છે. હું માખણને અને છોકરાંઓને પિયેર મૂકી આવેલી લાલો ઘરે આવ્યો.લાલાને માખણ મળ્યું નહીં. છોકરાં જોવામાં આવ્યો નહીં.લાલો મને કહેવા લાગ્યો,જે ઘરમાં મારા માટે કશું નથી એ ઘર સ્મશાનરૂપ છે! મને પણ તે વખતે તેનું મુખ જોઈ એવું લાગ્યું, જે ઘર માં કનૈયા માટે કાંઈ નથી તે ઘર સ્મશાન જેવું છે. એટલે હું તો દોડતી જઈને પિયરથી બધું પાછું લઈ આવી. યશોદા ગોપીઓને કહે છે,તમે કહો છો કે લાલો તોફાન કરે છે, પણ હું જ્યારે પૂછું છું ત્યારે તે ના પાડે છે. માટે હવે તો તમે કનૈયાને ચોરી કરતાં પકડી લાવો તો હું તમારી વાત સાચી માનીશ. વાચક ચાહક મિત્રો,આજે છેલ્લે જોઈએ તો જીવનમાં સાચા માનવ બનીને, આત્મિક સત્યના આધારે જીવવાનું અને માણસાઈને દિપાવવાનું જીવનનું લક્ષલઈને આ સંસારમાં પગ મુક્યા છે અને આ શરત સાથે જ આપણો જન્મ પણ થયો છે. પણ જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમતેમ જે હેતુથી આ સંસારમાં આવ્યો છે, તે જ ભુલી જાય છે અને અહંકાર, રાગ દ્વેષ તૃષ્ણા, વાસના આસક્તિમોહ વગેરેમાં સ્થિર થઈ જાય છે ને, બીજાને બનાવવા મંડી પડે છે અને આ રીતે અસત્યનો માર્ગ ગ્રહણ કરે છે અને બીજાનુંમાનીને જ ચાલતો હોય છેજે અસત્યનો માર્ગ છે, જેથી જીવનનો હેતુ બાજુ પર રહી જાય છે. અસ્તુ.



એપિસોડ દરમિયાન હિન્દુ તહેવાર હોળી વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી

# ફરાહ ખાનની મુશ્કેલીમાં વધારો, હિન્દુસ્તાની ભાઉ હાઈકોર્ટ પહોંચ્યા

ફરાહ ખાન મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. સોશિયલ મીડિયા પ્રભાવક અને 'બિગ બોસ ૧૩' ના સ્પર્ધક હિન્દુસ્તાની ભાઉએ હોળીના તહેવાર પર બોલિવૂડના એક દિગ્દર્શક અને કોરિયોગ્રાફર વિરુદ્ધ FIR નોંધવાની માંગણી સાથે બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી છે. કારણ કે પોલીસમાં ફરિયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. હિન્દુસ્તાની ભાઉની અરજી અનુસાર, ફરાહ ખાને ફેબ્આરી ૨૦૨૫ માં 'સેલિબ્રિટી માસ્ટરશેફ' ના એક એપિસોડ દરમિયાન હિન્દુ તહેવાર હોળી વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. તેમણે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે ફરિયાદ નોંધાવવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. આ ઘટના ૨૦ ફેબ્રુઆરીના રોજ બની હતી, જ્યારે ફરાહ ખાને હોળીને 'છપરીઓનો તહેવાર' ગણાવ્યો હતો.હિન્દુસ્તાની ભાઉએ દલીલ કરી હતી કે 'છપરી' શબ્દનો ઉપયોગ અપમાનજનક રીતે થાય છે. અને આ ટિપ્પણી રાષ્ટ્રીય ટીવી પર કરવામાં આવી હતી, જે હિન્દુ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડે છે. અને તેમાં સાંપ્રદાયિક અશાંતિ ભડકાવવાની



**પોલીસમાં ફરિયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી કરી નથી**

ક્ષમતા છે. ૨૧ ફેબ્આરીના રોજ, ભાઉએ ખાર પોલીસ સ્ટેશનના અધિકારીને ફરિયાદ નોંધાવી હતી અને તેમને ફરિયાદ નોંધવા વિનંતી કરી હતી. બાદમાં તેમણે ડેપ્યુટી પોલીસ કમિશનર અને એડિશનલ પોલીસ કમિશનરને ફરિયાદ મોકલી અને ફરાહ ખાન સામે કાર્યવાહી કરવા વિનંતી કરી. પ્રભાવક વ્યક્તિએ દાવો કર્યો હતો કે હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને પોલીસે કોઈ ફરિયાદ નોંધી નથી.

**દુખાવો ઇલેક્ટ્રિક શોક જેવો છે**

**આ એક એવો રોગ છે જેમાં ચહેરા પર ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે**

# સલમાન ખાનને હતી આત્મહત્યાના ડરની બીમારી



સલમાન ખાન ઘણા વર્ષો પહેલા એક બીમારીથી પીડાતા હતા જેના કારણે તેમને ખૂબ દુખાવો થતો હતો. અભિનેતાએ કહ્યું હતું કે આ દર્દીમાં આત્મહત્યાનો ખૂબ ડર હતો. સિકંદર અભિનેતા સલમાન ખાનને આત્મહત્યા રોગ તરીકે ઓળખાતી ટ્રાઈજેમિનલ ન્યુરલજીયા હતી, અમેરિકામાં સર્જરી કરાવી હતી. સલમાન ખાન આત્મહત્યા રોગથી પીડાતા હતા, ૧૪ વર્ષ પહેલા વિદેશમાં સર્જરી કરાવી હતી. સલમાન ખાનને ટ્રાઈજેમિનલ ન્યુરલજીયા થયો હતોઃ બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'સિકંદર' માટે સમાચારમાં છે. તેમની ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે જેમાં ૫૯ વર્ષની ઉંમરે તેમની અદ્ભુત એક્શન જોવા મળી હતી. દરમિયાન, આજે અમે તમને સલમાન ખાનના તે રોગ વિશે જણાવી રહ્યા છીએ જેનાથી તેઓ ઘણા વર્ષોથી ઝઝૂમી રહ્યા હતા અને તે સમયે તેઓ દુખાવાને કારણે ખૂબ જ ખરાબ હાલતમાં હતા.સલમાન ખાનને ટ્રાઈજેમિનલ ન્યુરલજીયા નામની બીમારી હતી. આ એક એવો રોગ છે જેમાં ચહેરા પર ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે, આ દુખાવો ઈલેક્ટ્રિક શોક જેવો છે, સુપરસ્ટારે ૨૦૧૧ માં, ફિલ્મ 'બોડીગાર્ડ' ની રજૂઆત પહેલાં, ખુલાસો કર્યો હતો કે તે ટ્રાઈજેમિનલ ન્યુરલજીયાથી પીડાઈ રહ્યો છે અને તેને ઠીક કરવા માટે તેણે યુએસમાં નર્વ સર્જરી કરાવી હતી. ૨૦૧૭ માં, સલમાન ખાને 'ટ્યુબલાઈટ' ના પહેલા ગીત રેડિયોના દુબઈ લોન્ચ દરમિયાન મીડિયા સમક્ષ પોતાની બીમારી વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'આ એક એવો રોગ છે જેમાં આત્મહત્યાનો ડર સૌથી વધુ હોય છે.' ખૂબ દુઃખ થાય છે. મેં આ સહન કર્યુ છે. તો તે સમયે, મને સમજાયું કે મારે ખરેખર સખત મહેનત કરવી પડશે. ભલે તમે ગમે તેટલી પીડામાંથી પસાર થઈ રહ્યા હોવ.આ એક એવો રોગ છે જેમાં ચહેરા પર ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે. આ દુખાવો ઈલેક્ટ્રિક શોક જેવો છે. આ રોગને આત્મહત્યા રોગ પણ કહેવામાં આવે છે કારણ કે અતિશય પીડાને કારણે, આ રોગથી પીડિત વ્યક્તિ આત્મહત્યા કરવાનું વિચારવા લાગે છે.સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' ૩૦ માર્ચ ૨૦૨૫ ના રોજ ઈદના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. એઆર મુર્ગાડોસ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મનું નિર્માણ સાજિદ નડિયાદવાલાએ કર્યુ છે. આ ફિલ્મમાં સલમાન ખાન ઉપરાંત રશ્મિકા મંદન્ના, કાજલ અગ્રવાલ, શરમન જોશી, સત્યરાજ અને અંજિની ધવન મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

**પવન કલ્યાણ અને વિજયને આપી હતી ટ્રેનિંગ**

# દ.ભારતના ફેમસ એક્ટર શિહાન હુસૈનીનું કેન્સરના કારણે નિધન



સાઉથ સિનેમાના દિગ્ગજ એક્ટર શિહાન હુસૈનીએ દુનિયાને અલવિદા કહી દીધું છે. શિહાન હુસૈનીનું ચેન્નાઈની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થઈ ગયુ છે. એક્ટર શિહાન હુસૈની બ્લડ કેન્સરથી પીડિત હતા. તેમના પરિવારે મંગળવારે આ માહિતી આપી અને જણાવ્યું કે, એક્ટરનું નિધન થઈ ગયુ છે. તેમના પરિવારના સભ્યોએ ફેસબુક પર માહિતી આપી હતી કે તેમનો પાર્થિવ દેહ સાંજ સુધી તેમના બેસંત નગર સ્થિત નિવાસસ્થાને રાખવામાં આવશે. એક્ટરે ૬૦ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. તેમની કેન્સરની સારવાર લાંબા સમયથી ચાલી રહી હતી. તેમના નિધનથી પરિવાર ખૂબ જ દુઃખી છે. શિહાન પોતાના પરિવારની ખૂબ નજીક હતા. શિહાને દક્ષિણ સિનેમામાં પણ મોટો દરજ્જો હાંસલ કર્યો હતો. તેમણે ઘણા દિગ્ગજ સુપરસ્ટારોને માર્શલ આર્ટ્સમાં ટ્રેનિગ આપી હતી. આ સ્ટાર્સમાં પવન કલ્યાણ અને થલાપતિ વિજય જેવા મોટા નામો સામેલ છે. પરિવાર દ્વારા કરવામાં આવેલી પોસ્ટમાં લખ્યું છે કે, 'મને એ જણાવતા ખૂબ જ દુઃખ થઈ રહ્યું છે કે, એચયુ (શિહાન હુસૈની) આપણને છોડીને ચાલ્યા ગયા છે. એચયુ સાંજ સુધી બેસંત નગર સ્થિત તેમના નિવાસસ્થાને રહેશે. હુસૈની અને પરિવાર, કામના/મહિમા. બીજી પોસ્ટમાં લખ્યું હતું કે, 'પ્રિય તીરંદાજો, માતા-પિતા અને કોચ, જે કોઈ પણ એચયુના ઘરે તેમના પાર્થિવ શરીરને જોવા આવી રહ્યા છે તેઓ કૃપા કરીને પોતાની વર્દીમાં આવે (કોઈપણ રંગ ઠીક છે), જો શક્ય હોય તો તમારા ધનુષ અને તીર સાથે આવવું. તેમના પાર્થિવ શરીરને સાંજે ૭:૦૦ વાગ્યા સુધી અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. તમામ તીરંદાજો સાંજે ૫:૦૦ વાગ્યે કેટલાક તીર ચલાવશે. તે ઉપરાંત કરાટે પ્રેક્ટિશનરો બપોરે ૩:૦૦ વાગ્યે પોતાની કિટ સાથે પહોંચશે અને ત્યારબાદ કરાટાનું પ્રદર્શન થશે. સાંજે ૭:૦૦ વાગ્યા પછી તેમના પાર્થિવ શરીરને અંતિમ એક્ટરે ઘણી ફિલ્મોમાં પોતાના શાનદાર અભિનયથી છાપ છોડી છે. તેમના નામે 'વેલઈકરન', 'મૂંગિલ કોટ્ટાઈ' અને 'ઉન્નાઈ મોતી કુરુમલ્લી' જેવી શાનદાર ફિલ્મો છે. હુસૈનીએ રજનીકાંત અભિનીત હોલીવુડ ફિલ્મ 'બ્લડસ્ટોન'માં પણ કામ કર્યુ છે. તેઓ થલાપતિ વિજયની ફિલ્મ 'બદ્રી'માં પણ નજર આવ્યા હતા. ગત વર્ષે એક્ટરની ફિલ્મ 'ચેન્નાઈ સિટી ગેંગસ્ટર' રિલીઝ થઈ હતી. છેલ્લે તેમણે 'કાથુ વાકુલા રેન્ડુ કાધલ' માં અભિનય કર્યો હતો.શિહાન હુસૈનીએ તાજેતરમાં જ કેન્સર સામેની તેમની લડાઈ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'મને સારવાર માટે કોઈની મદદની જરૂર નથી, હું આ લડાઈ લડી રહ્યા છું અને જીતી જઈશ. દરરોજ સંઘર્ષ હોય છે, પણ મને કરાટેનો શોખ છે... કેન્સરને કારણે હું મારા પ્રિય કામથી દૂર રહી શકતો નથી અને તે છે માર્શલ આર્ટ્સ અને તીરંદાજી.' તેમને દરરોજ બે યુનિટ રક્ત પણ મળતું હતું. તેમણે તેમના પૂર્વ વિદ્યાર્થી પવન કલ્યાણને પોતાનું માર્શલ આર્ટ્સ તાલીમ કેન્દ્ર ખરીદવા વિનંતી પણ કરી હતી.

# બ્રિટિશ અભિનેત્રી અને મોડેલ એમી જેક્સન બીજી વખત માતા બની ગઈ

**એમી જેક્સને તેના પાર્ટનર એડ વેસ્ટવિક સાથે બ્લેક એન્ડ વ્હાઇટ ફોટા શેર કર્યા**



બ્રિટિશ અભિનેત્રી અને મોડેલ એમી જેક્સન બીજી વખત માતા બની છે. હિન્દી ઉપરાંત દક્ષિણની ફિલ્મોમાં પણ કામ કરી ચૂકેલી એમીએ સોશિયલ મીડિયા પર પોતાના દીકરાની પહેલી ઝલક બતાવી છે. તેમનું નામ પણ જાહેર થયું છે. એમીને તેના પહેલા જીવનસાથીથી એક પુત્ર પણ હોવાનું જાણીતું છે.એમી જેક્સને તેના પાર્ટનર એડ વેસ્ટવિક સાથે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટા શેર કર્યા. આમાં તેના ખોળામાં રહેલો તેનો નાનો દીકરો પણ શામેલ છે. ''દુનિયામાં આપનું સ્વાગત છે, બેબી બોય,'' તેણીએ ફોટોના કેપ્શનમાં લખ્યું. પોતાના પુત્રનું નામ જાહેર કરતાં તેમણે લખ્યું - ઓસ્કાર એલેક્ઝાન્ડર વેસ્ટવિક. એમીની પોસ્ટ પર અભિનંદન આપનારા લોકોનો પ્રવાહ ઉમટી પડ્યો છે. અદા ખાનથી લઈને બંદગી કાલરા સુધી, બધાએ તેમને શુભેચ્છા પાઠવી છે. ચાહકો પણ પોસ્ટ પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે.અક્ષય કુમાર સાથે 'સિંહ ઈઝ બ્લિંગ', રજનીકાંત સાથે '૨.૦', પ્રતીક બબ્બર સાથે 'એક દીવાના થા' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી એમીએ પ્રતીકને ડેટ કરી હોવાના અહેવાલ હતા. એમી ૨૦૧૧ થી ૨૦૧૫ સુધી મુંબઈમાં હતી, પરંતુ તે પછી તે લંડન ગઈ. એમીએ હોટેલ માલિક જ્યોર્જ પનાયિયોટૌને ડેટ કરી. તેમની સગાઈ જાન્યુઆરી ૨૦૧૯ માં ઝામ્બિયામાં થઈ હતી. લગ્ન પહેલા જ, એમીએ સપ્ટેમ્બર ૨૦૧૯માં એક પુત્રને જન્મ આપ્યો હતો. આ દંપતી ૨૦૨૧ માં અલગ પડ્યું. વર્ષ ૨૦૨૨ માં, એમીએ અંગ્રેજી અભિનેતા એડ વેસ્ટવિક સાથે ડેટિંગ કરવાનું શરૂ કર્યું. તેમની સગાઈ ૨૦૨૪ માં થઈ અને આ વર્ષે ઓગસ્ટમાં લગ્ન કર્યા.

# હવે આવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખીશઃ સમય

**આ મામલે સમયએ ખુલાસો કર્યો કે, આ વિવાદના કારણે મારા માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર પડી**



સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈનાએ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર પોતાની અને રણવીર અલ્હાબાદિયાએ માતા અને પિતાના સંબંધો પર કરેલી ટિપ્પણી પર ચાલેલા વિવાદ પર પોતાની ભૂલ સ્વીકારી છે. સમય રૈના સોમવારે મુંબઈમાં મહારાષ્ટ્ર સાઈબર પોલીસ સમક્ષ હાજર થયો હતો. આ દરમિયાન તેણે માફી માંગી હતી. સમય રૈનાએ હવે મહારાષ્ટ્ર સાઈબર સેલને આપેલા પોતાના સત્તાવાર નિવેદનમાં આ અંગે દુઃખ વ્યક્ત કર્યુ છે. સમયે કહ્યું કે, 'હું સ્વીકારું છું કે મારાથી ભૂલ થઈ છે. હું સમજ્યા વિચાર્યા વગર બોલ્યો. ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખીશ. મારો ઈરાદો કોઈની ભાવનાને ઠેસ પહોંચાડવાનો નહોતો. મેં જે કહ્યું એના માટે મને ખૂબ દુઃખ છે.'આ મામલે સમય રૈનાએ ખુલાસો કર્યો કે, 'આ વિવાદના કારણે મારા માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર પડી રહી છે. આ ઘટનાના કારણે હું તણાવગ્રસ્ત અનુભવું છું અને મારી માનસિક સ્થિતિ ઠીક નથી. જેના કારણે મારી તાજેતરની કેનેડા ટૂર પણ સારી ન રહી. મને આ વાતનો અહેસાસ છે કે મેં જે કહ્યું એ ખોટું હતું. હું એ બદલ માફી માંગુ છું.' મહારાષ્ટ્ર સાયબર સેલ આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો સાયબર સેલ સમય રૈનાના નિવેદનથી સંતુષ્ટ નથી, તો તેને ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. આ કેસ મુખ્યત્વે પોડકાસ્ટર રણવીર અલ્હાબાદિયા, આશિષ ચંચલા અને અન્યો વિરુદ્ધ નોંધવામાં આવ્યો હતો. અલ્હાબાદિયાએ સમય રૈનાના વેબ શો 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર માતાપિતાને લગતી વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી, જેના કારણે વિવાદ થયો હતો અને અનેક પોલીસ ફરિયાદો થઈ હતી. રૈનાને અનેક વખત સમન્સ મોકલવામાં આવ્યા હતા, પરંતુ તે વિદેશમાં હોવાથી હાજર થઈ શક્યો ન હતો. તાજેતરમાં ભારત પરત ફર્યા બાદ તેણે સોમવારે મહારાષ્ટ્ર સાયબર હેડક્વાર્ટરમાં પોતાનું નિવેદન નોંધ્યું હતું.

# બોલિવૂડ અભિનેતા સોનુ સુદની પત્ની સોનાલીને નડ્યો અકસ્માત

**સોનુની પત્ની લાઈમલાઈટથી દૂર રહે છે, તેમનો જન્મ નાગપુરમાં થયો હતો**





બોલિવૂડઅભિનેતા સોનુ સુદની પત્ની સોનાલી સુદની કારને મુંબઈ અને નાગપુર હાઈવે પર અકસ્માત નડ્યો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કારમાં સોનાલી તેની બહેન અને ભત્રીજા સાથે મુસાફરી કરી રહી હતી. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે કારનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો છે.કાર અને ટ્રક વચ્ચે ભયંકર ટક્કરઅહેવાલો અનુસાર, સોનાલી સુદનો અકસ્માત સોમવારે મોડી રાત્રે મુંબઈ-નાગપુર હાઈવે પર થયો હતો. તે તેની બહેન અને ભત્રીજા સાથે ક્યાંક જઈ રહી હતી. તેમની કાર અને ટ્રક વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જેમાં સોનુ સુદની પત્ની પણ ઈજાગ્રસ્ત થઈ છે. સોનુ સુદે તેની પત્નીની સ્થિતિ વિશે માહિતી આપી અને કહ્યું, 'તે હવે ઠીક છે. ભગવાનની કૃપાથી તે બચી ગઈ છે.' અભિનેતા સોનુ સુદની પત્ની લાઈમલાઈટથી દૂર રહે છે. તેમનો જન્મ નાગપુરમાં થયો હતો. તેમણે સ્નાતક કર્યુ છે. તે હાલમાં નિર્માતા છે. તે ઘર અને બાળકોની પણ સંભાળ રાખે છે. સોનુ સુદ અને સોનાલી સુદને ઈશાંત અને અયાન નામના બાળકો છે.

# હાર્દિક સાથે છૂટાછેડા બાદ નતાશાએ કર્યું મૂવ ઓન



હાર્દિક પંડ્યા સાથે છૂટાછેડા બાદ નતાશાએ મૂવ ઓન કર્યુ છે. સોશિયલ મીડિયા પર તેણે પોતાના જીવનના નવા પ્રવાસની ઝલક શેર કરી છે. છૂટાછેડાના લાંબા સમય બાદ નતાશાએ પોતાના અંગત જીવન માટે ખુલીને વાત કરી છે. તેણે કહ્યું કે, 'તે ફરી એકવાર પ્રેમ કરવા માટે તૈયાર છે.'મીડિયા સાથે વાત કરતાં નતાશાએ કહ્યું કે, 'ગત વર્ષ મારા માટે ખૂબ જ પડકારમય રહ્યું હતું. પરંતુ તેમાંથી મને ઘણુ શીખવા મળ્યું. હવે નવુ વર્ષ નવા અનુભવ, નવી તકો અને નવા પ્રેમ સાથે શરૂ કરવા માગુ છું. હું ફરી એકવાર પ્રેમ કરવા માટે તૈયાર છું. જીવનમાં જે મળે છે, તેનો સ્વીકાર કરવા માગુ છું. મારૂ માનવુ છે કે, યોગ્ય સમયે યોગ્ય જોડાણ આપમેળે જ બની જાય છે.'નતાશાએ આગળ કહ્યું કે, 'હું અર્થપૂર્ણ સંબંધોમાં વિશ્વાસ કરૂ છુ. સંબંધો મૂલ્યવાન છે. જે વિશ્વાસ અને સમજદારી સાથે બને છે. મને લાગે છે કે, પ્રેમ મારા પ્રવાસને વધુ ગૂંચવણભર્યો બનાવે છે. ઉલ્લેખનીય છે, નતાશા અને હાર્દિક છૂટાછેડા બાદ પણ પોતાના દિકરાનો ઉછેર સાથે મળીને કરી રહ્યા છે. તેઓ દિકરા માટે એક-બીજા સાથે મુલાકાત પણ કરે છે.'

# નેહા કક્કર મેલબોર્ન કોન્સર્ટમાં 3 કલાક મોડી પડતા હોબાળો

**કોન્સર્ટ સ્થળે હોબાળો થાતા નેહા રડી પડી તો લોકોએ સ્પષ્ટ પરખાવ્યું હતું**



મેલબોર્નમાં શો માટે નિર્ધારિત સમયનું પાલન ન કરવા બદલ નેહા કક્કરને ફેન્સની ખફગી વહોરવી પડી હતી અને ૩ કલાક સુધી લોકોને રાહ જોવડાવનારી ગાયિકા પર લોકોનો આક્રોશ છલકાયો હતો, કોન્સર્ટ સ્થળે હોબાળો થાતા નેહા રડી પડી તો લોકોએ સ્પષ્ટ પરખાવ્યું હતું કે આ ઈન્ડિયન આઈડોલ નથી, આવા ખોટા ડોળ કરવાનું બંધ કરો. મેલબોર્નમાં એક કોન્સર્ટ દરમિયાન નેહા કક્કર રડતી હોય તેવો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ત્રણ કલાક મોડી પહોંચેલી આ ગાયિકાએ ભીડની ખૂબ માફી માંગી, પરંતુ તેણીની કોઈ વાત લોકો સમ્બદ્ધાં તૈયાર ન હતા. વાયરલ થઈ રહેલી ક્લિપમાં નેહા તેના ચાહકોની માફી માંગતી જોઈ શકાય છે. પણ લોકો એક પણ વાત સાંભળવા તૈયાર નથી.આંસુ રોકીને તેણે કહ્યુંઃ ''મિત્રો, તમે લોકો ખરેખર સુંદર છો! તમે ધીરજ રાખી છે. તમે લોકો ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છો. મને તે ગમતું નથી, મેં મારા જીવનમાં ક્યારેય કોઈને રાહ જોવા મજબુર નથી કર્યા.મને ખૂબ જ દુઃખ છે કે તમે આટલી રાહ જોઈ રહ્યા છો! આ મારા માટે ઘણું મહત્વ ધરાવે છે. મને આ સાંજ હંમેશા યાદ રહેશે. આજે તમે બધાએ મારા માટે ઘણો સમય કાઢ્યો છે.પ્રેક્ષકોમાંથી કેટલાકે તાળીઓ પાડી અને તેમને સાંત્વના આપવા માટે ઉત્સાહ વ્યક્ત કર્યો, જ્યારે મોટાભાગના લોકો નિરાશ રહ્યા. વીડિયોમાં ભીડમાંથી ગુસ્સે ભરાયેલા અવાજો સંભળાઈ રહ્યા હતા, જેમાં કેટલાક લોકો ''પાછા જાઓ!'' બૂમો પાડી રહ્યા હતા. તમારી હોટેલમાં આરામ કરો. એક માણસે કહ્યું- આ ભારત નથી, તમે ઓસ્ટ્રેલિયામાં છો.

# નાના બાળકની મોટી સિધ્ધી ૧૧ વર્ષિય માનવ પટેલ ભારતીય ફુટબોલની ટીમમાં પસંદગી પામ્યો

## અવિરત પાંચ કલાક પ્રેક્ટીસ અને કોચની મહેતન રંગ લાવી ભારતીય ટીમ અંડર ૧૪માં ૧૧ વર્ષીય માનવ પટેલની પસંદગી

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદના નિકોલમાં રહેતા અને મુળ પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ગણેશપુર ગામના વતની કિરણભાઈ પટેલના ૧૧ વર્ષીય પુત્ર માનવે અંડર ૧૪ ભારતીય ફુટબોલ ટીમમાં પસંદગી પામી રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યુ છે, માનવે આઠ વર્ષની ઉંમરથી ફુટબોલ રમી રહ્યો છે, માત્ર ત્રણ વર્ષના ગાળામાં માનવે ફુટબોલ ક્ષેત્રે અનેક સિદ્ધીઓ મેળવી છે. નિકોલ ખાતે આઠ વર્ષીય માનવ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત સમર કેમ્પમાં ગયો હતો, ત્યારથી માનવની જીંદગીમાં નવો બદલાવ આવી ગયો.

માનવના કોચ અર્જુનસિંહ ભદોરીયાને માનવમાં પ્રતિભા જોવા મળી અને માનવની તાલીમની શરૂઆત થઈ, દૈનિક પાંચ થી છ કલાક માનવ ફુટબોલની પ્રકટીસ કરી રહ્યો છે, જેના પગલે માનવે મોટી સિધ્ધી પ્રાપ્ત કરી છે.

માનવે આ પહેલાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે, ૦૬ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ જન્મેલ ૧૧ વર્ષિય માનવે પ્રથમ વાર **Adani Gandhinagar Blue cubs League u-12** મા ૧૬ડિસેમ્બર ૨૦૨૩માં પહેલી ટુર્નામેન્ટ રમ્યો હતો, ત્યાર બાદ સ્થાનિક સ્તરે **megamani, ARA, ommfc, Gujarat Titans, Rising sun cup, Aps Cup, K K Vithani Baroda,** જેવી ગણી બધી સ્થાનિક ટુર્નામેન્ટ રમી માનવે કૌશલ દાખવ્યું છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે




જયપુર, ગોવા, બેંગ્લોર, નાસિક અને મુંબઈ જેવા શહેરોમાં રાષ્ટ્રીય સ્તરે ફુટબોલ રમી રાજ્યનું ગૌરવ વધાર્યુ છે. આંતર રાષ્ટ્રીય સ્તરે **Asian FoOball 7 League Phuket (Thailend) October 2024** માં રમી મનાવે રાષ્ટ્રનું ગૌરવ વધાર્યુ છે.

આર. પી. વસાણી ઈન્ટરનેશનલ સ્કૂલ ધોરણ ૦૬ માં અભ્યાસ કરતા માનવને સ્કૂલનો પણ સહયોગ મળેલ છે જેનાથી માનવ આ ક્ષેત્ર સુધી પહોંચી શક્યો છે

માનવના પિતા વ્યવસાયે મેન્યુફેક્ચરના સાથે સંકળાયેલા છે,જ્યારે તેની માતા હાઉસ વાઈફ છે, પરીજનોમાં એક પણ વ્યક્તિ સ્પોર્ટસ સાથે સંકળાયેલ નથી ત્યારે માનવે અડગ મનથી ફુટ-બોલ ક્ષેત્રે અનોખી કારકિર્દી પ્રાપ્ત કરી છે. સતત મહેનત અને લગનથી દશ હજાર જેટલા બાળકોમાં થી અંડર ૧૪ ભારતીય ટીમમાં પસંદગી પામી રાજ્યનું ગૌરવ વધાર્યુ છે.

# અમદાવાદ ડિવિઝન પર કેટલીક સ્પેશિયલ ટ્રેનોના આગમન પ્રસ્થાન ના સમયમાં ફેરફાર

। અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે દ્વારા પરિચાલનીક કારણો થી અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો થી ચાલતી /પસાર થતી કેટલીક સ્પેશિયલ ટ્રેનોના આગમન/પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:-

૧. ૨૮ માર્ચ, ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ગાંધીધામથી ૧૭.૪૦ કલાક ને બદલે ૧૮.૨૫ કલાકે ઉપડશે અને આગમન/પ્રસ્થાનનો સમય ભચાઉ સ્ટેશન પર ૧૮.૫૫/૧૮.૫૭ કલાકે, સામાખ્યાલી સ્ટેશન પર ૧૯.૧૦/૧૯.૧૨ કલાકે ધ્રાંગધ્રા સ્ટેશન પર ૨૦.૩૩/૨૦.૩૫ કલાકે અને અમદાવાદ સ્ટેશન પર ૨૩.૦૫/૨૩.૧૫ કલાકનો રહશે. આ ટ્રેનનો અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

૨. ૨૬ માર્ચ, ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૯૦૦૪ દિલ્હી-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનનો સાબરમતી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૫.૧૦/૦૫.૧૫ કલાક ના બદલે ૦૪.૫૫/૦૫.૦૦ કલાક નો રહેશે.

૩. ૨૭ માર્ચ, ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન નો અમદાવાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૦૬.૦૦/૦૬.૨૦ કલાક ના બદલે ૦૬.૧૦/૦૬.૨૦ કલાક નો રહેશે.

૪. ૨૭ માર્ચ, ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન નો અમદાવાદ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૨૧.૦૫/૨૧.૨૫ કલાક ના બદલે ૨૦.૫૫/૨૧.૦૫ કલાક નો રહેશે.

૫.૨૭ માર્ચ, ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૯૦૩૬ બિકાનેર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ નો સાબરમતી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૦.૫૦/૦૦.૫૫ કલાક ના બદલે ૦૦.૩૦/૦૦.૩૫ કલાક નો રહેશે.

૬. ૨૭ માર્ચ ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૪૭૧૩ બિકાનેર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલના આગમન/પ્રસ્થાનનો સમય ભીલડી સ્ટેશન પર ૦૧.૩૫/૦૧.૪૦ કલાક ના બદલે ૦૩.૩૦/૦૩.૩૫ કલાકે, મહેસાણા સ્ટેશન પર ૦૩.૨૭/૦૩.૨૯ કલાકને બદલે ૦૪.૫૦/૦૪.૫૨ કલાકે, સાબરમતી સ્ટેશન પર ૦૬.૦૭/૦૬.૧૦ કલાકને બદલે ૦૫:૫૫/૦૫.૫૭ કલાક નો રહેશે.

૭. ૨૯ માર્ચ ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૦૪૮૨૭ ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન નો આગમન /પ્રસ્થાનનો સમય પાલનપુર સ્ટેશન પર ૧૮.૧૦/૧૮.૧૨કલાક ના બદલે ૨૧.૦૦/૨૧.૦૨ કલાકે, મહેસાણા ૧૯.૪૫/૧૯.૪૭ કલાક ના બદલે ૨૧.૫૦/૨૧.૫૨ કલાકે અને સાબરમતી ૨૧.૨૩/૨૧.૨૫ કલાક ને બદલે ૨૨.૪૫/૨૨.૪૭ કલાક નો રહેશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચનાની વિગતવાર માહિતી માટે, મુસાફરો **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# સહાયક નિયામક રોજગાર કચેરી દ્વારા એલ.જે.યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પર સેમિનાર યોજાયો

## ઇન્ટર્નશિપ તકો તેમજ રોજગારની તકોના વ્યાપક અવકાશને કેન્દ્રમાં રાખીને સેમીનારનું આયોજન કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

આજરોજ અમદાવાદ એલ.જે.યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના પર સેમિનાર યોજાયો હતો. જેનું આયોજન સહાયક નિયામક રોજગાર કચેરી અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં યોજના હેઠળ ઉપલબ્ધ ઈન્ટર્નશિપ તકો તેમજ રોજગારની તકોના વ્યાપક અવકાશ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં એલ.જે. યુનિવર્સિટી-ના લાભાર્થી વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમનો મૂળ ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને યોજનાના ફાયદાઓ સમજાવવા તેમજ વિવિધ ક્ષેત્રોમાં વ્યવહારુ અનુભવ મેળવવામાં યોજના તેમને કેવી રીતે મદદરૂપ નીવડી શકે છે, જેનાથી તેમની રોજગાર ક્ષમતામાં વધારો થાય છે તે અંગે સમજ આપવાનો હતો. સેમિનાર દરમિયાન, વક્તાઓએ ઈન્ટર્નશિપ યોજનાની મુખ્ય વિશેષતાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં તેના ઉદ્દેશ્યો, પાત્રતા, માપદંડો અને ઈન્ટર્નશિપ માટે અરજી કરવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના એ યુવાનોને વિવિધ ઉદ્યોગો સાથે કામ કરવાની તક આપે છે, જેનાથી તેઓ કાર્યના વાતાવરણને સમજી શકે છે અને મૂલ્યવાન વ્યવહારુ અનુભવ મેળવી શકે છે. તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં વર્તમાન રોજગાર પરિદ્દશ્ય તથા વિવિધ ક્ષેત્રોમાં નોકરીની તકો અને ઈન્ટર્નશીપ રોજગાર માટે સેતુ તરીકે કેવી રીતે કામ કરી શકે છે તેના પર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સાથેજ વિદ્યાર્થીઓએ સંબંધિત કૌશલ્યો મેળવી ઈન્ટર્નશીપ તથા નોકરી તાલીમ જેવા કાર્યક્રમોમાં ભાગ લઈને તેમની રોજગારક્ષમતા કેવી રીતે વધારવી તે અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એકંદરે, આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના અને વ્યાપક રોજગાર બજાર હેઠળ ઈન્ટર્નશિપની તકો વિશે વધુ જાણકારી મેળવવા તેમજ એલ.જે. યુનિવર્સિટીના પ્રોફેસરો, અધિકારીઓ તથા રોજગાર શાખાના અધિકારીઓ સાથે વાતચીત કરવા માટે એક મૂલ્યવાન પ્લેટફોર્મ સાબિત થયો હતો. આ સેમિનારમાં રોજગાર કચેરીના અધિકારીઓ તેમજ એલજી યુનિવર્સિટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના ચણવઈ પીએચસીમાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી, દર્દીઓને આરોગ્યવર્ધક પોષણ કીટ અપાઈ

## કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારા ટીબી રોગ, લક્ષણો, સારવાર અને દવા અંગે પ્રદર્શની યોજવામાં આવી

। (માહિતી) વલસાડ, તા.૨૬ ।

વલસાડ તાલુકાના ચણવઈ ગામમાં સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય પ્રત્યે સર્વાંગી અભિગમ રાખવામાં આવ્યો હતો. ટીબીના દર્દીના કલ્યાણ અર્થે ''અક્ષય સખ્ય પ્રોજેક્ટ'' ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ટીબીના દર્દીના સામાજિક, આર્થિક અને ભાવનાત્મક ઉન્નતિ માટે પીએચસી ચણવઈના દરેક અધિકારી, કર્મચારી અને આશા જૂથ સંલગ્ન રહેશે. આજના ત્રિસ્તરીય અભિગમમાં યોગ, કાઉન્સેલિંગ, બ્લડ સુગર ટેસ્ટ, બ્લડ પ્રેશર ચેકઅપ, ન્યુટ્રિશનલ કીટ (મગ, ચણા, ગોળ, ખજૂર), સ્ટીલના ડબ્બા, તાંબાના કળશ, માસ્ક, શમશની વટી, સરગવો, વડ, બદામ અને જમરૂખના છોડ દરેક દર્દીઓને આપવામાં આવ્યાં હતા. દર્દીઓ સાથે મૈત્રીભર્યા અભિગમથી ટીબી રોગની સઘન સારવાર વધુ જીવંત બની શકે છે. ચણવઈ પીએચસીના કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારા ટીબી રોગ, લક્ષણો, સારવાર અને દવા




અંગેના રંગબેરંગી ચાર્ટ અને બેનર બનાવી પ્રદર્શની યોજવામાં આવી હતી. જેને આમંત્રિત મહેમાનો અને દર્દીઓએ નિહાળી તમામ સીએચઓના દર્દી પ્રત્યેના હકારાત્મક અભિગમને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં વલસાડ, નવસારી, ડાંગ જિલ્લાના ટીબી, રક્તપિત નિવારણ મંડળના પ્રમુખ ડૉ. પરેશ અધ્વર્યુ, સેક્રેટરી અરવિંદભાઈ શાહ, ટ્રેઝરર હેમેન્દ્રભાઈ શાહ અને લાયન્સ ક્લબ ગણદેવીના પ્રમુખ પ્રીતિબેન, અરવિંદભાઈ અને સાઈકલિસ્ટ નિખિલભાઈએ હાજર રહી દરેક દર્દીઓને આરોગ્યવર્ધક પોષણ કીટ આપી હતી.

# એસવીપીઆઈ એરપોર્ટના ટર્મિનલ-૨ પર ઇમરજન્સી ટર્મિનલ ઇવેક્યુએશન ડ્રીલ યોજવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ **(SVPI)** એરપોર્ટ દ્વારા **CISF,** અમદાવાદ ફાયર ઈમરજન્સી સર્વિસીસ **(AFES)** અને અન્ય સંબંધિત હિસ્સેદારોના સહયોગથી નિર્ધારિત સુરક્ષા પ્રોટોકોલ અનુસાર ૨૬ માર્ચ ૨૦૨૫ ના રોજ ટર્મિનલ ૨ **(T2)** પર સિમ્યુલેટેડ ટર્મિનલ ઈવેક્યુએશન મોક એક્સરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોક ડ્રીલ ૧૨:૩૦ વાગ્યે શરૂ થઈ હતી અને વિવિધ પરિમાણોની સફળ સમીક્ષા બાદ ૧૩:૩૦ વાગ્યે પૂર્ણ થઈ હતી. રનવે બંધ થવા દરમિયાન હાથ ધરવામાં આવેલી આ કવાયતમાં એરપોર્ટની કામગીરી પર કોઈ અસર ન પડે તેની ખાતરી કરવામાં આવી હતી. આ મોકડ્રીલ કરવાનો હેતુ **SVPI** એરપોર્ટ પર હિસ્સેદારોને કટોકટી પ્રતિભાવ અને મુસાફરોની સલામતી માટે સહયોગ માટેની તૈયારી સુનિશ્ચિત કરવાનો હતો.

**SVPI** એરપોર્ટ મુસાફરોની સલામતી, સુરક્ષા અને સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

# બાયફ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા વાલિયા તાલુકાના જામણીયા ગામે પ્રાકૃતિક કૃષિ અંગે મહિલા ખેડૂત તાલીમ યોજાઇ

। (માહિતી) સુરત, તા.૨૬ ।

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી પ્રયાસો હાથ ધર્યા છે. તેમજ ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રોજેક્ટ આઉટ સ્કેલિંગ ઓફ નેચરલ ફાર્મિંગ, થ્રુ કેવીકે અંતર્ગત કેવીકે ચાસવડ દ્વારા પ્રાકૃતિક ખેતીની એક દિવસીય તાલીમનું આયોજન પણ થઈ રહ્યું છે. જેમાં જુદા જુદા તાલુકાઓના ક્લસ્ટરમાં સમાવિષ્ટ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ રહી છે. આ તાલીમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિસ્તરણ વિષયના વિષય નિષ્ણાંત હર્ષદ એમ વસાવા દ્વારા પ્રાકૃતિક ખેતીમા શું શું ધ્યાન રાખવુ જોઈએ અને એની મહત્વતા તેમજ સ્વાસ્થ્ય માટે કેટલુ ઉપયોગી છે તે અંગેની વિગતવાર માહિતી પુરી પાડવામાં આવી હતી. અને ઉપસ્થિત તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં ખેતી પાકોમાં જીવાત નિયત્રણ માટે અગ્નિઅસ્ત્ર દવા કઈ રીતે બાનવવી અને ખેતી



પાકોમાં જીવાત નિયંત્રણ માટે કેવી રીતે ઉપયોગ કરવો તેનો પ્રેક્ટિકલ બતાવી સમજ આપી હતી. તેમજ આ દવા બહેનો સહેલાઈ થી બનાવી શકે અને તેનું વેચાણ કરી આવકનો સ્રોત પણ ઊભો કરી શકે છે. આ તાલીમમાં ૧૦ જેટલી સખી મંડળની ૬૦ થી વધુ ખેડૂત બહેનો જોડાઈ હતી. આ સાથે જ પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

# વાંકલ ધરમપુર ખાતે બાવીસા કુળ પરિવાર પ્રથમવાર ક્રિકેટ લીગ ટુર્નામેન્ટ યોજાઇ

। (માહિતી) સુરત, તા.૨૬ ।

ઢોડિયા સમાજ બાવીસા કુળ પરિવાર દ્વારા પ્રથમવાર ક્રિકેટ લીગ ટુર્નામેન્ટ સિઝન-૧ નું આયોજન કરવામાં આવ્યું હતું. બાવીસા પરિવારના ધરમપુરના ધારાસભ્ય અરિવંદભાઈ પટેલના હસ્તે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો હતો. બે દિવસ યોજાયેલી ક્રિકેટ મેચમાં બાવીસા પરિવારની ૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. શ્રીજી ક્રિકેટ મેદાન, વાંકલ ખાતે યોજાયેલી ટુર્નામેન્ટમાં નવેરા ટીમ ચેમ્પિયન બની હતી. જેને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જયારે વેલવાચ ટીમ રનર્સઅપ રહી હતી. જેને પણ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત બેસ્ટ બોલર અને સૌથી વધુ વિકેટ રાજેન્દ્ર બાવીસા વેલવાચ, સૌથી વધુ રન માટે જલુ બાવીસા ફલધરાને પણ સન્માનિત કરાયા હતા. આ ટુર્નામેન્ટ-માં પાટી, રાનપાડા, નવેરા, દુલસાડ, કાંજણરણછોડ, વેલવાચ, બરૂમાળ અને ફલધરાની ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ખાસ કરીને બાવીસા પરિવાર એકબીજાથી પરિચિત બને અને યુવાનો ક્રિકેટ જેવી ટુર્નામેન્ટમાં આગળ આવે તેવા આશય સાથે બાવીસા કુળ પરિવારના શ્રી અજયભાઈ આંબા, ભાવેશભાઈ વલસાડ, રાજેન્દ્રભાઈ વેલવાચ, સુનિલભાઈ પાટી, વિવેકભાઈ ધરમપુર, મિનેષભાઈ પાટી દ્વારા ટુર્નામેન્ટનું આયોજનનું આયોજન થયું હતું.

# ૭ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતાં સોલીયા ગામના ખેડૂતમિત્ર મુકેશભાઈ વસાવા

। (માહિતી) સુરત, તા.૨૬ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા થકી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં નર્મદા સહિત ગુજરાતના ખેડૂતમિત્રો 'નેચરલ ફાર્મીગ' તરફ પ્રયાણ કરી રહ્યા છે. ત્યારે નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના સોલીયા ગામના ખેડૂતમિત્રએ પણ ખેતરમાં કિટનાશક મારણ માટે દશપર્ણીઅર્કનો ઉપયોગ, બીજનાપટ માટે બિજામૃતનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરી સ્થાનિકોને એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે. ખેડૂતમિત્ર શ્રી મુકેશભાઈ વસાવા સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે, આત્મા પ્રોજેક્ટ દ્વારા કૃષિ લગતી તાલિમો મેળવી તેમની પ્રેરણા થકી ખર્ચાળ ખેતી સરળ બની છે. શરૂઆતમાં આવાકનુ કોઈ માધ્યમ ન હોવાને કારણે ઘણી તકલીફો પડતી હતી. ઘર છોડીને ૪ કે ૫ મહિના દૂર જઈને રોજગાર માટેનો સ્રોત ઊભુ કરવુ પડતુ હતું. આજે ઘર આંગણે જ એક આવકનું માધ્યમ ઊભુ હોવાને કારણે આર્થિક પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. સોલીયા ગામના ખેડૂતમિત્ર શ્રી મુકેશભાઈ વસાવા છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો. ઘરમાં વિધી-હવન-મંગળ સંસ્કાર કરાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**
આજે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. જીવનસાથી તમારી સંભાળ લેશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશે.

**તુલા (ર,ત) :**
આજે કોઈ જૂના મુદ્દે તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો. આ બાબત તમારા આત્મવિશ્વાસને દ્દઢ બનાવવામાંઅત્યંત મદદરૂપ થઈ શકે છે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે કરવામાં આવેલ નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો.

## ન્યૂઝ બ્રિફ

### યુપીમાં 'મુસ્કાન'૨ઃ પ્રગતિ'એ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરાવી

। (એજન્સી) ઔરૈયા, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના મેરઠના બહુચર્ચિત સૌરભ રાજપૂત હત્યાકાંડ જેવો એક વધુ મામલો ઔરૈયામાંથી સામે આવ્યો છે. આ મામલામાં પોલીસે કેટલાક સનસનીખેજ ખુલાસા કર્યા છે. હત્યાકાંડનું ષડયંત્ર પત્નીએ પોતાના પ્રેમીની સાથે મળીને રચ્યું હતું. આ મામલામાં પોલીસે હત્યાની આરોપી પત્ની, તેના પ્રેમી અનુરાગ અને એક શૂટરની ધરપકડ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ, પાંચમી માર્ચે મૈનપુરીના રહેવાસી બિઝનેસમેન દિલીપકુમાર(૨૪)ના લગ્ન ફફૂંદની રહેવાસી પ્રગતિ સાથે થયા હતા. લગ્નના ૧૫ દિવસ પછી, ૧૯મી માર્ચે દિલીપને ગોળી મારવામાં આવી હતી. બે દિવસ પછી દિલીપનું મોત થઈ ગયું હતું. દિલીપના પિતાનો ક્રેનનો બિઝનેસ કેટલાય જિલ્લામાં ફેલાયેલો છે. તેમની પાસે ૧૨ હાઈડ્રા અને ૧૦ ક્રેન છે. દિલીપ ઔરૈયામાં રહીને ઔરૈયા અને કન્નૌજમાં ધંધાકીય કામ સંભાળતો હતો. જ્યારે પ્રગતિનો પરિવાર પણ પૈસાની રીતે સમૃદ્ધ છે. ઉજ્જૈનમાં તેમની એક શાળા છે.

### દુકાનદારે મફતમાં આઈસ્ક્રીમ આપવાની ના પાડી તો ગોળી મારી હત્યા કરી નાખી

। (એજન્સી) ભાગલપુર, તા.૨૬ ।

ભાગલપુર જિલ્લાના લોદીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે એક આઈસ્ક્રીમ વેચનાર દુકાનદારની હત્યા કરવામાં આવી હતી. કારણ ફક્ત એટલું જ હતું કે દુકાનદારે મફતમાં આઈસ્ક્રીમ આપવાની ના પાડી હતી. આટલી નાની વાત માટે ગુનેગારોએ તેને ગોળી મારીને મારી નાખ્યો. આ ઘટના લોદીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જીચ્ચો તળાવ પાસે બની હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જે પોલીસ સ્ટેશનથી માત્ર સો મીટર દૂર આવેલું છે. આ જ જગ્યાએ સરધાના રહેવાસી વિક્રમ તાંતીના પુત્ર દુખન તાંતી (૨૨) ને પાંડવ યાદવ નામના યુવકે ગોળી મારી હતી. ગોળી વાગવાથી તેનું ઘટનાસ્થળે જ મોત થયું.આ ઘટના ત્યારે બની જ્યારે આ વિસ્તારમાં સાત દિવસ ચાલેલા ભાગવત કથાના મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન આરોપી પાંડવ યાદવ ત્યાં પહોંચ્યો અને દુખન પાસેથી મફત આઈસ્ક્રીમ માંગવા લાગ્યો. જ્યારે દુખને તે આપવાની ના પાડી ત્યારે પાંડવે તેના મોઢામાં ગોળી મારી દીધી.

### રિટર્નમાં સુધારો કરી કુલ રૂ.૩૦,૩૦૦ કરોડની વિદેશી સંપત્તિ દર્શાવી

# ITની ઝુંબેશ પછી ૩૦,૦૦૦ કરદાતાએ વિદેશી સંપત્તિ અને આવક જાહેર કરી

### ૮૮૩ કરદાતાએ તેમના આઇટીઆરમાં સુધારો કર્યો હતો અને ૨૦૨૪-૨૫ માટેના સુધારેલા રિટર્નમાં તેમના ટેક્સ સ્ટેટસને ભારતીયની જગ્યાએ નોન રેસિડન્ટ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સરકારે કાન આમળ્યા પછી ૩૦,૦૦૦થી વધુ કરદાતાઓ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષના તેમના આવકવેરા રિટર્નમાં સુધારો કરી આશરે રૂ.૩૦,૨૯૭ કરોડની વિદેશી સંપત્તિ અને આવક જાહેર કરી હતી. આમાં રૂ.૨૯,૨૦૮ કરોડની વિદેશી સંપત્તિ અને રૂ.૧,૦૮૯ કરોડની વિદેશી આવકનો સમાવેશ થાય છે. લોકસભામાં ફાઈનાન્સ બિલ પરની ચર્ચાનો જવાબ આપતા નાણા પ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે અમે




એક ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં અમે કરદાતાઓને તેમની વિદેશી આવક અને સંપત્તિઓ સ્વેચ્છાએ જાહેર કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. આશરે ૧૯,૫૦૧ પસંદગીના કરદાતાઓને SMS અને ઈ-મેલ મોકલવામાં આવ્યા હતાં, જેમાં તેમને વિદેશી થાપણો વગેરેના આવકવેરાની માહિતીના આધારે ૨૦૨૪-૨૫ માટે ફાઈલ કરેલા તેમના આવકવેરા રિટર્નની સમીક્ષા કરવા કહેવામાં આવ્યું હતું. આ ઝુંબેશના પરિણામે કુલ ૧૯,૫૦૧ કરદાતામાંથી ૧૧,૧૬૨ કરદાતાએ તેમના આઈટી રિટર્નમાં સુધારો કર્યો હતો અને શેડ્યૂલ ફોરેન એસેટ્સ ફોર્મ ભર્યું હતું. તેમાં કુલ રૂ. ૧૧,૨૫૯.૨૯ કરોડની સંપત્તિ જાહેર કરાઈ હતી. તેમાં રૂ.૧૫૪.૪૨ કરોડની વિદેશી આવકનો સમાવેશ થાય છે.

### અમે ૨૦ હજારથી વધુ આતંકીઓને ઠાર કર્યા છેઃ ઈઝરાયેલનો દાવો

# ઈઝરાયેલના હુમલામાં ગાઝા પટ્ટીમાં વધુ ૨૩ લોકોનાં મોત

### ઝરાયેલે ગત સપ્તાહથી હવાઇ હુમલાઓ તેજ કર્યા છે જેના કારણે મૃતકો અને ઘાયલોની સંખ્યા વધી રહી છે

। (એજન્સી) દેર અલ-બલાહ, તા.૨૬ ।

ઈઝરાયેલના ગાઝા પટ્ટી પરના હવાઈ હુમલામાં એક રાતમાં વધુ ૨૩ લોકોના મોત થયા છે. નાસેર હોસ્પિટલના કહેવા મુજબ મૃતકોમાં ત્રણ બાળકો અને તેમના માતા-પિતા સામેલ છે. જે દક્ષિણમાં આવેલા ખાન યુનિસ શહેરમાં એક ટેન્ટની પાસે થયેલા હુમલામાં માર્યા ગયા છે. ઈઝરાયેલે ગત સપ્તાહથી હવાઈ હુમલાઓ તેજ કર્યા છે જેના કારણે મૃતકો અને ઘાયલોની સંખ્યા વધી રહી છે. ઈઝરાયેલે છેલ્લા ૧૭ મહિના પછી થયેલી યુદ્ધવિરામ સમજૂતિનો ભંગ કર્યો છે, તેમ હમાસનું કહેવું



છે,પેલેસ્ટાઈનનાઆરોગ્યમંત્રાલયના કહેવા મુજબ ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હમણાં સુધી ૫૦ હજારથી વધુ પેલેસ્ટાઈનના નાગરિકોના મોત થયા છે. જોકે, આ આંકડામાં હમાસના લડવૈયા કેટલા હતા તેનો વિગતો આપવામાં આવી નથી. બીજી તરફ, ઈઝરાયેલનું કહેવુ છે કે તેમના સૈન્યે હમાસના ૨૦ હજારથી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા છે, પરંતુ આ અંગે ઈઝરાયેલે કોઈ પુરાવા આપ્યા નથી. ઈઝરાયેલનું કહેવું છે કે એ અમે ફક્ત આતંકવાદીઓને ટાર્ગેટ કરીએ છીએ.

### સુપ્રીમ કોર્ટની સખ્ત ફટકાર

# 'વૃક્ષ કાપવા એ માનવ હત્યા સમાન, પ્રતિ વૃક્ષ દીઠ હવે ચૂકવવા પડશે લાખોના દંડ'

### કોર્ટે કહ્યું કે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ, કારણ કે તે માત્ર કુદરતી સંસાધનોનું ઉલ્લંઘન જ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે પર્યાવરણને નુકસાન પહોંચાડનારાઓ સામે કડક વલણ અપનાવ્યું અને કહ્યું કે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપનારાઓ પ્રત્યે કોઈ દયા ન બતાવવી જોઈએ. કોર્ટે ગેરકાયદેસર રીતે કાપવામાં આવેલા દરેક વૃક્ષ માટે ૧ લાખ રૂપિયાના દંડને મંજૂરી પણ આપી દીધી. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરતા કહ્યું કે મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ માનવ હત્યા કરતા પણ ખરાબ કૃત્ય છે કારણ કે આ વૃક્ષોને ફરીથી પેદા થવામાં ઓછામાં ઓછા ૧૦૦ વર્ષ લાગશે. ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુઈયાનીસુપ્રીમ કોર્ટની બેન્ચે આ આદેશ આપ્યો હતો અને આ કેસના આરોપી શંકર અગ્રવાલ સામે ૪૫૪



વૃક્ષો કાપવા બદલ દંડાત્મક કાર્યવાહી કરી હતી. કોર્ટે કહ્યું કે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ, કારણ કે તે માત્ર કુદરતી સંસાધનોનું ઉલ્લંઘન જ નથી કરતું પરંતુ પર્યાવરણ અને જૈવવિવિધતા માટે પણ ખતરો છે. વરિષ્ઠ વકીલ એડીએન રાવ 'એમિક્સ ક્યુરી' તરીકે કોર્ટમાં હાજર થયા. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે ગેરકાયદેસર વૃક્ષ કાપવાના કિસ્સાઓમાં સ્પષ્ટ સંદેશ આપવો મહત્વપૂર્ણ છે, જેથી ગુનેગારોને ખ્યાલ આવે કે કોઈપણ સંજોગોમાં કાયદા અને વૃક્ષોના રક્ષણને અવગણી શકાય નહીં. કોર્ટે સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટીના રિપોર્ટને સ્વીકાર્યો, જેમાં શંકર અગ્રવાલ પર ૪૫૪ વૃક્ષો કાપવા બદલ પ્રતિ વૃક્ષ ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવાનું સૂચન કરવામાં આવ્યું હતું. આ અહેવાલ મુજબ, ગયા વર્ષે ૧૮ સપ્ટેમ્બરની રાત્રે આ ૪૫૪ વૃક્ષો કાપવામાં આવ્યા હતા, જેમાંથી ૪૨૨ વૃક્ષો ખાનગી જમીન 'ડાલમિયા ફાર્મ' પર હતા. જ્યારે ૩૨ વૃક્ષો રસ્તાની બાજુમાં આવેલા સંરક્ષિત વન વિસ્તારમાં હતા.

### કર્ણાટકમાં ધો-૪ની વિદ્યાર્થિનીએ

# બુરખો પહેરનારી મહિલાને 'જન્નતી ઔરત' ગણાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દેશ અને દુનિયામાં વિજ્ઞાનના યુગમાં નિરંતર અવનવી શોધો થતી રહી છે. આ દરમિયાન 'એક ધર્મ વિશેષ'ના લોકો પોતાના સમાજને પછાત બનાવી રાખવા પર ઉતરી આવ્યા છે. કર્ણાટકના ચામરાજનગરમાં એક મુસ્લિમ બાળકીએ પોતાના સાયન્સ પ્રોજેક્ટ દ્વારા જે મેસેજ આપ્યો છે, જે દર્શાવી રહ્યો છે કે બાળકોને કટ્ટરવાદ અને અંધવિશ્વાસ તરફ ધકેલવામાં આવી રહ્યા છે. જો આજની પેઢી અને આવનારી પેઢી કટ્ટરવાદના માર્ગ પર ચાલવા માંડશે તો આવનારા સમયમાં શું થશે તેની કલ્પના કરવું મુશ્કેલ છે. ખાસ કરીને કર્ણાટકમાંથી જે પ્રકારની ઘટનાઓ સામે આવી રહી છે, એ ચિંતાજનક છે. પ્રાથમિક માહિતી મુજબ કર્ણાટકમાં ધોરણ ૪માં અભ્યાસ કરનારી એક વિદ્યાર્થિનીએ પોતાની સ્કૂલના વિજ્ઞાન પ્રદર્શનમાં વિવાદિત મોડલ રજૂ કર્યું છે. આ મોડલમાં આ બાળકીએ બે કબર દેખાડી છે. એમાં એક કબર બુરખો પહેરનારી મહિલાની છે, જેને 'જન્નતી ઔરત'(સ્વર્ગની મહિલા) કહેવામાં આવી છે. જ્યારે બીજી કબર બુરખો નહીં પહેરનારી મહિલાની છે, તેના માટે કહેવામાં આવ્યું છે કે આ મહિલાને સાપ અને વીંછી ખાઈ જશે. આ પ્રોજેક્ટ દર્શાવી રહ્યો છે કે બાળકોના મનમાં સાપ અને વીંછીથી પણ વધુ ઝેર ભરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, બુરખા અંગે આ બાળકીએ જે કહ્યું એ પણ ખતરનાક છે. આ મોડલ પરથી કટ્ટરવાદી લોકોએ સાબિત કર્યું છે કે એ પોતાના ઈરાદાઓમાં સફળ થઈ રહ્યા છે. ધોરણ ૪માં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિનીએ ઈસ્લામ ધર્મગ્રંથનો હવાલો આપીને કહ્યું કે, ''જે આદમી પોતાની પત્નીને ઘરમાં બુરખા વિના ફરવાની છૂટ આપે છે. એ વ્યભિચારી છે.'' વિદ્યાર્થિનીની આ ટિપ્પણીની વ્યાપક ટીકા થઈ રહી છે અને લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રકારના નિવેદનો કેવી રીતે આપવામાં આવ્યા હતા.

### અત્યારસુધી ૭ જિલ્લામાં ૧.૪૯ કરોડ કોલ્સને સફળ પ્રતિભાવ

# ૧૧૨ ઇમરજન્સી હેલ્પલાઇનને સમગ્ર ગુજરાતમાં શરૂ કરવાની તૈયારી પૂરજોશમાં ચાલઈ રહી છે

### જિલ્લાઓમાં છેવાડા સુધી લોકોને ત્વરિત ઇમરજન્સી રિસ્પોન્સ મળી રહે તેના માટે નવી ૫૦૦ જનરક્ષક પીસીઆર વેન ફાળવવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ગુજરાતના તમામ નાગરિકોને એક જ ફોન નંબર પર તમામ ઈમરજન્સી સેવાઓ મળી રહે તેના માટે વર્ષ ૨૦૧૯માં ૧૧૨ ERSS (ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ) હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો. ૧૧૨ નંબરના માધ્યમથી સ્વાસ્થ્ય અને પરિવાર, પોલીસ, આગ, મહિલા અને બાળ વિકાસ અને રેવન્યુ- આપદા વ્યવસ્થાપન વિભાગના સ્વતંત્ર ટોલ-ફ્રી નંબરને એકીકૃત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તબક્કામાં આ કામગીરી રાજ્યમાં અત્યારે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, મોરબી, છોટા ઉદેપુર, બોટાદ, અરવલ્લી અને મહિસાગરમાં શરૂ છે. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આગામી ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં અમલી બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ સેવાનો વ્યાપ સમગ્ર રાજ્યમાં મળી રહે તેના માટે એકીકૃત કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર તેમજ આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી અત્યારે કરવામાં આવી રહી છે. આ સેન્ટરમાંથી તમામ જિલ્લાઓમાં ઈમરજન્સી રિસ્પોન્સની કામગીરીનું રિયલટાઈમ મોનિટરિંગ થઈ શકશે. જિલ્લા કક્ષાએ પણ આ સેવાઓનું મોનિટરીંગ સ્વતંત્ર રીતે કરી શકાશે. ડિજીટલ ટેક્નોલોજીનો વ્યાપ વધારીને આ સેવાને વધુ પ્રભાવી બનાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. જિલ્લાઓમાં છેવાડા સુધી લોકોને ત્વરિત ઈમરજન્સી રિસ્પોન્સ મળી રહે તેના માટે નવી ૫૦૦ જનરક્ષક પીસીઆર વેન ફાળવવામાં આવશે. ઈમરજન્સી રિસ્પોન્સ સાથે સંકળાયેલા પોલીસ વિભાગ સહિતના કર્મચારીઓને રિયલ ટાઈમમાં ડિજિટલ અપડેશન સહિત ઈમરજન્સી રિસ્પોન્સ અંગેની જરૂરી તાલીમ આપવામાં આવી રહી છે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ કાર્યરત થયા પછી, ERSS-૧૧૨ અંતર્ગત ગુજરાતમાં ૧.૪૯ કરોડથી વધુ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક હેન્ડલ કરવામાં આવ્યા છે. જેમાંથી ૬૯,૪૭૭ કેસોમાં તાત્કાલિક સહાય માટે ઈમરજન્સી ટીમો મોકલવામાં આવી હતી. અત્યારે સાત જિલ્લાઓમાં એવરેજ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ૨૬ મિનટ અને ૫૯ સેકન્ડનો છે.

## વિશેષ

### 'અમી હેન્ડીક્રાફ્ટસ' દ્વારા 'ડિઝાઇન અને ટેકનિકલ ડેવલપમેન્ટ વર્કશોપઃ જરી-જરદોશીની તાલીમ'નું સમાપન

# પોલીસ પરિવારની ૩૦ બહેનોએ જરી-જરદોશી એમ્બ્રોઈડરી વર્કની એક મહિનાની તાલીમ મેળવીઃ આ બહેનો હવે જરી-જરદોશીની ઉત્પાદનો બનાવશે

। (માહિતી) સુરત ।

ગુજરાતમાં પ્રથમ વખત પોલીસ પરિવારની ૩૦ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સુરત પોલીસ કમિશનરના ધર્મપત્ની સંધ્યાબેન ગહલૌતના માર્ગદર્શન હેઠળ જરી-જરદોશીની એક મહિનાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના વસ્ત્ર મંત્રાલયની હેન્ડીક્રાફ્ટ વિભાગના સહયોગથી સુરતની 'અમી હેન્ડીક્રાફ્ટસ' દ્વારા આયોજિત ડિઝાઈન એન્ડ ટેકનિકલ ડેવલપમેન્ટ વર્કશોપ, જરી-જરદોશીની તાલીમનું અઠવાલાઈન્સ સ્થિત પોલીસ કોમ્યુનિટી હોલ ખાતે સમાપન થયું હતું. સમાપન સમારોહમાં વિશેષ ઉપસ્થિત મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, પૂર્વ કેન્દ્રીય ટેક્સ્ટાઈલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ અને અન્ય મહાનુભાવોના હસ્તે તાલીમ મેળવનાર ૩૦ પોલીસ બહેનો, તેમજ કતારગામ બાળાશ્રમ ખાતે તાલીમ મેળવનાર અન્ય જરૂરિયાતમંદ ૩૦ બહેનોને કેન્દ્ર સરકારના હેન્ડીક્રાફ્ટ વિભાગના આર્ટીઝન કાર્ડ તથા સર્ટિફિકેટ આપીને સન્માનિત કરાઈ હતી. તાલીમ મેળવ્યા બાદ આ બહેનોએ સ્વઉત્પાદિત જરી જરદોશીની ફ્રેમ, ચપ્પલ, મોજડી, પર્સ-બટવા, બેલ્ટ, ટ્રે, જ્વેલરી બોક્સ, બેન્ગલ બોક્સ, ભગવાનના જરીના વાઘાનું પ્રદર્શન યોજ્યું હતું. જેને ઉપસ્થિત સૌએ નિહાળી બહેનોની કલાને બિરદાવી હતી.

આ પ્રસંગે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, જરી-જરદોશી વર્કે સુરતને વૈશ્વિક નામના આપી છે. બહેનો સખી મંડળોમાં જોડાઈને સ્વદેશી ઉત્પાદનો થકી આજીવિકા મેળવી રહી છે. બહેનો પોતાની સ્કીલનો ઉપયોગ કરી પગભર થઈ પુરૂષ સમોવડી બની રહી છે, ત્યારે પોલીસ પરિવારની બહેનો પણ કલા સાથે જોડાઈ પણ કુશળ બને એવો ઉદ્દેશ પ્રશંસાને પાત્ર છે.

જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ બહેનોને અભિનંદન પાઠવતા કહ્યું કે, પોતાના દૈનિક ઘરકામ, પરિવાર અને બાળકોની સારસંભાળની સાથે-સાથે વધારાનો સમય ફાળવી બહેનો તાલીમબદ્ધ થઈ છે, ત્યારે સુરતની ઓળખ સમાન જરી-જરદોશી વર્કને જીવંત રાખવાના પ્રયાસો સરાહનીય છે. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, બહેનો દ્વારા તૈયાર થયેલા ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા એક્ઝિબિશનની સુવિધા સાથે માર્કેટ પુરૂ પાડવામાં આવશે. બહેનો પરિવારની મહિલાઓ અને સખી-સહેલીઓ સાથે વિચારો, કલાનું આદાનપ્રદાન કરીને ઉત્પાદનો બનાવશે તો જરીજરદોશી કલા નીખરી ઉઠશે એમ જણાવી વર્કશોપમાં મેળવેલા કૌશલ્યને કાયમી જીવંત રાખવા અનુરોધ કર્યો હતો. શ્રીમતી સંધ્યાબેન ગહલૌતે કહ્યું હતું કે, જરી-જરદોશી હેન્ડવર્ક એ સુરતની પ્રાચીન વિરાસત છે. બહેનોમાં છૂપાયેલી કળાને પ્લેટફોર્મ આપવાના શુભ આશયથી




માસ્ટર ટ્રેનર દ્વારા સુરતની પ્રાચીન પરંપરાગત જરી-જરદોશી વર્કની તાલીમ આપવામાં આવી છે. સુરતની પ્રાચીન જરી-જરદોશી હેન્ડવર્ક કલાને જીવંત રાખી પોલીસ પરિવારની બહેનો ફાઝલ સમયનો ઉપયોગ કરી કલા અને પ્રાચીન જરી જરદોશી વર્ક શીખે, ક્રિએટિવ બની આત્મનિર્ભર થાય એ આ તાલીમનો ઉદ્દેશ છે. આજે આપણી તાલીમ પૂર્ણ થતા પોલીસ બહેનોની આત્મનિર્ભર બનવાની સફરની શરૂઆત થઈ છે. જીજ્ઞાકૈંના પ્રમુખ વિજયભાઈ મેવાવાળાએ કહ્યું કે, ચેમ્બરના કાર્યક્રમોમાં અત્યાર સુધી ફૂલોના બુકે, વુડન આર્ટ ગિફ્ટ, ચાંદીની ચીજવસ્તુ, લેપટોપ બેગ કે શિલ્ડ આપવામાં આવતા હતા. પણ હવે દરેક કાર્યક્રમમાં બહેનો દ્વારા તૈયાર કરાયેલી જરી ફ્રેમવર્ક, ગિફ્ટ આર્ટિકલ અને હેન્ડ વર્કની પ્રોડક્ટથી સ્વાગત કરવામાં આવે છે. બહેનોને પ્રોત્સાહન મળે અને તેમના ઉત્પાદનોને વૈશ્વિક માર્કેટ મળે એ માટે ચેમ્બર સહયોગી બન્યું છે. ડી.સી.પી. ભક્તિબા ડાભીએ પોલીસ પરિવારની બહેનો માટે સમગ્ર તાલીમનું વ્યવસ્થાપન અને સંકલન કર્યું હતું. તેમજ કાર્યક્રમમાં તાલીમ સંદર્ભે અનુભવો, અયોજનની વિગતો પ્રસ્તુત કરી હતી. તાલીમનું આયોજન કરનાર અમી હેન્ડીક્રાફ્ટના પ્રમુખ ભાવનાબેન દેસાઈએ સ્વાગત પ્રવચન કરી તાલીમની રૂપરેખા રજૂ કરી હતી. હિમાનીબેન ચોકસીએ આભારવિધિ કરી હતી. રાજ્યમાં પ્રથમ વખત પોલીસ પરિવારની બહેનો માટે પોલીસ કમિશનરના ધર્મપત્ની સંધ્યાબેન ગહેલોતના માર્ગદર્શનમાં ૩૦ બહેનોએ ૧૦ દિવસની બેઝિક અને ૩૦ દિવસની જરી જરદોશી ડિઝાઈન અને ટેકનિકલ ડેવલપમેન્ટ વર્કશોપની વિશિષ્ટ તાલીમ એમ કુલ ૪૦ દિવસની તાલીમ મેળવી હતી. બહેનો આત્મનિર્ભર બને વર્ક ફ્રોમ હોમ, પોતાના અનુકૂળ સમયે ઘરે બેઠા આ તાલીમ દ્વારા વિવિધ ઉત્પાદનો બનાવી શકે તેવા ઉમદા હેતુથી કતારગામની ૩૦ બહેનોને ડિઝાઈન અને ટેકનિકલ ડેવલપમેન્ટની તાલીમ અપાઈ હતી. સમારોહમાં અપાયેલા આર્ટીઝન કાર્ડ દ્વારા ભવિષ્યમાં ગ્રામીણ સખી મેળા, ગાંધી શિલ્પ બજાર, મહિલા આર્થિક વિકાસ નિગમ, રેલવે સ્ટેશન, એરપોર્ટ ઉપર પોતાની હેન્ડીક્રાફ્ટની પ્રોડક્ટ બનાવી વેચાણ પણ કરી શકશે. નોંધનીય છે કે, તાપી નદીને કિનારે વસેલા સુરત શહેરમાં વર્ષો પહેલા વેપારીઓ જરીનો વેપાર કરતા. ટેક્સ્ટાઈલ સિટી સુરતની જરી જગવિખ્યાત છે. સુરતની આ પરંપરાગત ઓળખને જાળવવા માટે સુરતની જરી જરદોશીમાંથી વિવિધ વસ્તુઓ ૈં પ્રોડક્ટ સાથે બનાવી એને પ્રખ્યાત કરવા માટે અમી હેન્ડીક્રાફ્ટસ સંસ્થા કાર્યરત બની છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આ સંસ્થા દ્વારા ૧૩૫ બહેનોએ કેન્દ્ર સરકારના ટેક્સટાઈલ મંત્રાલયની હેન્ડીક્રાફ્ટ વિભાગ દ્વારા તાલીમ મેળવી હતી. આ પ્રસંગે મનપાના સાંસ્કૃતિક સમિતિના ચેરમેન સોનલબેન દેસાઈ, ડી.સી.પી. ભક્તિબા ડાભી, સ્પેશિયલ પો.કમિશનર (સેક્ટર-૧)ના વબાંગ ઝમીર, જોઈન્ટ પો.કમિશનર((સેક્ટર-૨) કે.એન.ડામોર, જોઈન્ટ પો.કમિશનર (ક્રાઈમ) રાઘવેન્દ્ર વત્સ, ટેક્સટાઈલ મંત્રાલયના હેન્ડીક્રાફ્ટ વિભાગના ગુજરાત ઈન્ચાર્જ ગિરીશ સિંઘલ અમી હેન્ડીક્રાફ્ટસના ઝંખના દેસાઈ, માસ્ટર ટ્રેનર રિક્કી ગૌતમ, પોલીસ બહેનોને તાલીમ આપનાર વિશ્રુતિ પટેલ, કતારગામ ખાતે બહેનોને તાલીમ આપનાર જાગૃત્તિ ગાબાણી, જરી એસોસિએશનના પ્રમુખ દિપકભાઈ કુકડીયા, રૂચિતા જરદોશ, હિરાંગી જરદોશ, વૈશાલી દેસાઈ, નેહલ દેસાઈ, માનસી દેસાઈ, આશય જરદોશ, સહિત તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં રાત્રે બે યુવકો પર અજાણ્યા હુમલાખોરોએ હુમલો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદમાંએક યુવકની હત્યા કરવામાં આવી છે. જ્યારે પોલીસ કંટ્રોલ રૂમ વાહન થોડા અંતરે પાર્ક કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીસીઆરમાં હાજર અધિકારીઓ ખાટલા પર આરામથી સૂતા હતા. સૂતેલા પોલીસ અધિકારીઓનો વીડિયો વાયરલ થયા બાદ તેમની સામે તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં સોમવારે રાત્રે બે યુવકો પર અજાણ્યા હુમલાખોરોએ હુમલો કર્યો હતો, જેમાંથી એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. સ્થળ પર એકઠા થયેલા સ્થાનિક લોકોએ જોયું કે નજીકમાં પોલીસનું પીસીઆર વાહન પાર્ક હતું, જેમાં અધિકારીઓ ખાટલા પર સૂતા હતા, તેઓને યુવકની હત્યાની જાણ નહોતી. ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ પોલીસ કર્મચારીઓને જગાડ્યા, તેમનો મુકાબલો કર્યો અને એક વીડિયો રેકોર્ડ કર્યો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

### બનાસકાંઠાના કાકરેજમાં ભૂસ્તર વિભાગનું મેગા ઓપરેશન

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૬ ।

બનાસકાંઠાના કાંકરેજમાં ભૂસર વિભાગ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં બુકોલી જમણાપાદર બનાસ નદીમાંથી અનઅધિકૃત રેતીનું ખનન ઝડપાયું છે. અહીંથી ભૂસ્તર વિભાગ દ્વારા ૧૨ ડમ્પર અને એક હીટાચી મશીન મળી રૂ.૪.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ભૂસ્તર વિભાગની ટીમે ખોદકામ કરેલ જગ્યાની માપણી પણ કરી છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકો પાસેથી દંડ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવશે.બનાસકાંઠા ભૂસ્તર શાસ્ત્રી ગુરુપ્રીતસિંગ સારસ્વાએ જણાવ્યું હતું કે, આ ઓપરેશન ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ પર લગામ લગાવવાના ભાગરૂપે હાથ ધરવામાં આવ્યું છે.

### ઉમેદવાર જાહેર થયા બાદ ગોપાલ ઈટાલિયા પહોંચ્યા વિસાવદર

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૬ ।

વિસાવદર સીટના પેટા ચૂંટણી માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા હજુ કોઈ તારીખ જાહેર કરવામાં આવી નથી. પક્ષ દ્વારા આ બેઠક પરથી ગોપાલ ઈટાલિયાના નામની જાહેરાત કરવામાં આવી છે. ગોપાલ ઈટાલિયાએ તેનું નામ જાહેર થયા બાદ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. વિસાદર પહોંચેલા ગોપાલ ઈટાલિયાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુંગોપાલ ઈટાલિયાએ વિસાવદર બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસ અને આપનાં ગઠબંધન અંગે પૂછવામાં આવેલા પ્રશ્ન અંગે જવાબ આપતા કહ્યું હતું કે, "કોંગ્રસ સાથેનાં ગઠબંધન અંગેનો પ્રશ્ન મહત્વપૂર્ણ છે, જે દિવસે વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી આવતી હતી તે સમયે વિસાવદર બેઠક પર ખાલી હતી અને તે સમયે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠક બાદ નક્કી થયેલું કે વાવ બેઠક પર કોંગ્રેસ લડશે અને આપ ઉમેદવાર નહિ ઉતારે, તે જ રીતે વિસાવદર બેઠક પર જ્યારે પણ ચૂંટણી આવશે ત્યારે આપ લડશે અને કોંગ્રેસ ઉમેદવાર નહિ ઉતારે.

---

**પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ PT શિક્ષકોની ટીંગાટોળી । કાયમી ભરતીની માગ સાથે વિરોધ કરતા વિધાનસભા પહોંચે એ પહેલા જ અટકાયત**

# રાજ્યના વ્યાયામ શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।



રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી ન થવાને કારણે રાજ્યના વ્યાયામ શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની પડતર માંગણીઓને લઈને વારંવાર સરકારમાં રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા, શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. ગઈકાલથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનના ભાગરૂપે આજે પણ મોટી સંખ્યામાં વ્યાયામ શિક્ષકો ગાંધીનગરના રામકથા મેદાનમાં એકઠા થયા હતા. જો કે, વિધાનસભા તરફ કૂચ કરે તે પહેલાં જ પોલીસે તેઓને અટકાવી લીધા હતા અને ટીંગાટોળી કરીને તેમની ધરપકડ કરી હતી. આજે સવારથી જ રામકથા મેદાન ખાતે વ્યાયામ શિક્ષકો એકત્ર થવા લાગ્યા હતા. તેઓ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને પોતાની કાયમી ભરતીની માંગણી પર અડગ રહ્યા હતા. શિક્ષકોએ શાંતિપૂર્ણ રીતે ધરણાં પ્રદર્શન શરૂ કર્યું હતું, પરંતુ વિધાનસભા તરફ આગળ વધવાનો પ્રયાસ કરતાં જ પોલીસ સાથે તેમનું ઉગ્ર ઘર્ષણ થયું હતું. પરિણામે, પોલીસે બળપ્રયોગ કરીને વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોને બળજબરીથી ઉપાડ્યા હતા અને અનેક આંદોલનકારીઓને પોલીસ વાનમાં બેસાડીને લઈ ગયા હતા. આ ઘટનાના કારણે વાતાવરણ તંગ બની ગયું હતું.

વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો પણ જોરદાર વિરોધ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, રાજ્યની શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસ અને રમતગમતમાં ગુજરાતના બાળકો આગળ વધે તે માટે વ્યાયામ શિક્ષકોની નિમણૂક થવી જરૂરી છે. સરકારે આ હેતુથી ખેલ સહાયક યોજના શરૂ કરી છે, પરંતુ આ યોજના વ્યાયામ શિક્ષકોના હિતમાં નથી.

શિક્ષકોએ આ યોજનાને અન્યાયી ગણાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, આ યોજનાના કારણે વ્યાયામ શિક્ષકોનું શોષણ થઈ રહ્યું છે. બાળકોના વિકાસ માટે એક શિક્ષક શરૂઆત કરે છે અને બાળક રમતમાં આગળ વધે તે પહેલાં જ શિક્ષકને ફરજ પરથી મુક્ત કરી દેવામાં આવે છે. આનાથી બાળકોની રમતગમત પર નકારાત્મક અસર પડે છે.

વધુમાં, શિક્ષકોએ ખેલ સહાયક યોજનાના નિયમોમાં રહેલી વિસંગતતાઓ અંગે પણ અવાજ ઉઠાવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, આ યોજનામાં રજાના નિયમો એકસરખા નથી. ૧૧ મહિનાના કરાર પર આધારિત આ યોજનામાં વેકેશન સિવાયના સમયગાળાની ગણતરી કેવી રીતે થાય છે તેનો કોઈ સ્પષ્ટ ખુલાસો નથી. ઘણી વખત ૧૧ મહિના પૂરા થાય તે પહેલાં જ મૌખિક રીતે શિક્ષકોને છૂટા કરી દેવામાં આવે છે. આ અંગે કોઈ અધિકારી પાસે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી.

---

**પ્રાથમિક શાળામાં એક વિચિત્ર ઘટના**

# ૧૦ રૂપિયાની લાલચના ચક્કરમાં ૪૦ વિદ્યાર્થીઓએ હાથ પર બ્લેડના કાપા માર્યા

**પ્રાથમિક તપાસમાં આ બનાવ પાછળ ઓનલાઈન ગેમિંગના ટાસ્ક કારણભૂત હોવાનું જાણવા મળી રહ્યું છે**

। (એજન્સી) અમરેલી, તા.૨૬ ।

અમરેલીના બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળામાં એક વિચિત્ર ઘટના બહાર આવી છે જેમા ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ પોતાને બ્લેડ વડે કાપા મારી ઈજા પહોંચાડી હતી. આ ઘટના બાબતે વાલીઓને યોગ્ય જવાબ ન મળતા ગ્રામ પંચાયત દ્વારા પોલીસને ફરિયાદ કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં આ બનાવ પાછળ ઓનલાઈન ગેમિંગના ટાસ્ક કારણભૂત હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે આ અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર બનાવથી રાજ્યભરમાં શિક્ષણ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. માહિતી મુજબ બગસરા તાલુકાની મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળામાં વિચિત્ર ઘટના બહાર આવતા શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

ત્રણેક દિવસ પહેલા શાળાના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના હાથ તથા પગના ભાગમાં બ્લેડ દ્વારા કાપા મારી જાતે ઈજા પહોંચાડી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે આ તમામ વિદ્યાર્થીઓ ધોરણ ૫, ૬ અને ૭ માં ભણતા હોવાનું જાણવા મળેલ છે. આ બાબતે વિદ્યાર્થીઓને વાલી દ્વારા પૂછપરછ કરવામાં આવતા બાળકોએ 'અમને શિક્ષકોએ કહેવાની ના પાડી છે' એવું કહીને જવાબ ટાળ્યા હતા. જેથી માતા પિતાને સંતોષકારક જવાબ ન મળતા તેઓ શાળાએ પહોંચ્યા હતા, જ્યાં પણ પ્રશ્નનો નિવારણ ન થતા ગ્રામ પંચાયત દ્વારા આ બાબતે પોલીસને અરજી આપી તપાસની માંગણી કરી છે.

આ ઘટનામાં વિદ્યાર્થીઓએ જાતે જ ઈજા પહોંચાડી છે કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા આવું કરવામાં આવેલ છે તેની તપાસ કરવા માગણી કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શાળામાં આવેલા સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવે તો સાચી બાબતો બહાર આવી શકે તેમ છે. સમગ્ર ઘટના બાબતે ગામના સરપંચ જયસુખભાઈ ખેતાણીના જણાવ્યા અનુસાર શાળામાં આ વિચિત્ર ઘટના બનવા પાછળનો કારણ જો અત્યારે શોધવામાં નહીં આવે તો ભવિષ્યમાં કોઈ બાળક જીવ ખોઈ બેસે તેવી પણ શક્યતા રહેલી છે. માહિતી અનુસાર વીડિયો ગેમના રવાડે ચઢી વિદ્યાર્થીઓએ જાતે જ એકબીજાના હાથ પર પેન્સિલના શાર્પનરથી ચીરાં પાડ્યાનો દાવો કરવામાં આવ્યો છે. એક બાળકે તો તેના સાથી વિદ્યાર્થીઓને હાથ પર બ્લેડના કાપા મારવા માટે ૧૦ રૂપિયા આપવા સુધીની ઓફર કર્યાની પણ જાણકારી મળી રહી છે. આ મામલો લગભગ આઠ દિવસ સુધી છુપાવાયો હતો અને આખરે ઘટના ઉઘાડી પડી જતાં મામલો પોલીસ સુધી પહોંચી ગયો છે.

---

**હવે ઈવી બેટરી અને મોબાઇલ ફોન બનાવવા**

# જરૂરી ચીજો પર આયાત જકાત નહી ભરવી પડે

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

હવે ઈવી બેટરી અને મોબાઈલ ફોનના ઉત્પાદકો માટે સારા સમાચાર આવ્યા છે. અમેરિકા દ્વારા લાદવામાં આવનારા રેસિપ્રોકલ ટેરિફની સંભવિત અસર સામે સ્થાનિક ઉત્પાદકો ટકી શકે તે માટે ઈલેક્ટ્રિક વ્હિકલ અને મોબાઈલ ફોન્સનું ઉત્પાદન કરવા માટે જરૂરી માલ પર હવે આયાત જકાત ભરવી પડશે નહી એમ કેન્દ્ર સરકારે જણાવ્યુ છે. "અમે ઘરેલુ ઉત્પાદનમાં વધારો કરવા અને નિકાસ સ્પર્ધાત્મકતામાં કાચા માલ પર જકાત ઘટાડવા માંગીએ છીએ" એમ કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મલી સિતારમણે સંસદમાં નાણાં ખરડો ૨૦૨૫ને પસાર કરવા માટેના વોટીંગ પૂર્વે જણાવ્યુ હતુ. ભારત ઈવી બેટરી બનાવવા માટે વપરાતી ૩૫ આટિમો અને મોબાઈલ ફોનમાં ઉત્પાદન વપરાતી ૨૮ આઈટમોની આયાત જકાતમાંથી મુક્તિ આપીએ છીએ. ભારત ૨જી એપ્રિલથી લાગુ થનારા અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફને અસરને ખાળવાની તૈયારી કરી રહ્યુ છે. બન્ને દેશો હાલમાં ટેરિફ સમસ્યાઓને ઉકેલવા માટે અને દ્વિપક્ષીય વેપાર સંધિ માટે પ્રયત્નો કરી રહ્યા છે. નોંધનીય છે કે આજથી અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ મંડળ ભારતના ચાર દિવસીય મુલાકાતે આવ્યુ છે. નોંધનીય છે કે ભારત બન્ને દેશો વચ્ચે જે વાટાઘાટ ચાલી રહી છે તેમાં પ્રથન તબક્કામાં ૨૩ અબજ ડોલરની અમેરિકન આયાતમાંથી અર્ધા પર ટેરિફમાંથી કાપ મુકવા વિચારી રહ્યુ હતું. પાછલા સપ્તાહે ભારતીય સંસદીય કમિટીએ સરકારને સ્થાનિક ઉત્પાદકોને સહાય કરવા માટે કાચા માલ પર આયાત પરની ટેરિફમાં ઘટાડો કરવાનું સુચન કર્યુ હતું.

---

**એરપોર્ટ પર ફરી સોનાની દાણચોરી ઝડપાઈ**

# મહિલાએ લેગિંગસમાં છૂપાવ્યું હતું રૂપિયા ૩૪.૭૩ લાખનું સોનું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ભારતમાં સોનાનો ભાવ ભડકે બળી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં સોનાની દાણચોરીના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ પર વિદેશથી સોનાની દાણચોરીના બે દિવસમાં બે કિસ્સા બન્યા છે. સોમવારે અબુધાબીથી જીન્સમાં છૂપાવીને લવાયેલું ૨.૭૬ કરોડનું સોનું અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઝડપાયું હતું. ત્યારે ૨૫ માર્ચના રોજ એક મહિલાના લેગિંગ્સમાં છૂપાવીને લાવવામાં આવેલું ૩૪.૭૩ લાખની કિંમતનું ૩૮૩ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે. સોનાની કિંમતમાં વધારો થતાં દાણચોરીનું સોનું રોજબરોજ પકડાઈ રહ્યું છે. રાજકોટની મહિલા દુબઈથી ૩૪.૭૩ લાખનું સોનુ લેગીન્સમાં બે પડ વચ્ચે સંતાડીને દાણચોરી કરતા અમદાવાદ એરપોર્ટ પર ઝડપાઈ હતી. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ વિભાગને મળેલી માહિતીના આધારે આ મહિલાને ઝડપીને તેની લેગીન્સમાંથી ગોલ્ડ સ્પ્રે ૩૮૨.૧૭૦ ગ્રામ સોનું જપ્ત કર્યું હતું.

---

**દેત્રોજના ભાટ વાસણા ગામમાં પ્રેમ પ્રકરણની શંકામાં મામલો**

# યુવક યુવતી સામે હસ્યો ને યુવતીના ભાઈએ છરી વડે રહેંસી નાખ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ જિલ્લાના દેત્રોજમાં આવેલા ભાટ વાસણા ગામમાં રહેતા શખ્સે તેની બહેન સાથે એક યુવકને પ્રેમસંબંધ હોવાની શંકા રાખીને જાહેરમાં છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતાર્યો હતો. દેત્રોજ પોલીસે આ મામલે પિતા-પુત્ર સામે ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી છે. દેત્રોજના ભાટ વાસણા ગામમાં રહેતા શાન્તુભા સોલંકીને ગામમાં જ રહેતા વિક્રમસિંહ સોલંકીની પુત્રી સાથે મિત્રતા હતી. આ બાબતની અદાવત રાખીને વિક્રમસિંહ પુત્રી સાથે વાત ન કરવા શાન્તુભાને ધમકી આપતો હતો. આ બાબતે શાન્તુભાએ તેના પરિવારને જાણ કરી હતી. ગત રવિવારે શાન્તુભા ગામમાં પ્રસંગ હોવાથી કરિયાણાની દુકાનના ઓટલા પર બેઠો હતો. ત્યારે વિક્રમસિંહની પુત્રીની સામે જોઈને હસ્યો હતો.

---

# અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ પર દંડ ફટકારાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદની સેશન કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આપ નેતા સંજય સિંહ વિરુદ્ધ મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે બંને નેતાઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ પીએમ મોદીની ડિગ્રી પર માનહાનિના કેસમાં ૧૦-૧૦ હજારના દંડની સજા સંભળાવી છે. તેની સાથે જ સેશન કોર્ટે રિવ્યૂ પિટીશન પણ સુનાવણી માટે સ્વીકાર કરી લીધો છે. આ અગાઉ મેટ્રો કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી. તો વળઈ ટાઈમ લિમિટ પતી જતાં બંને નેતાઓના વકીલ દ્વારા તાજેતરના દિવસોમાં સેશન કોર્ટમાં પહોંચીને અરજી દાખલ કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલી પીએમ મોદીની ડિગ્રી પર સવાલો ઉઠાવ્યા હતા. તેના પર વાંધો દર્શાવતા ૨૦૨૩માં ગુજરાત યુનિવર્સિટી તરફથી અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ વિરુદ્ધ અમદાવાદ મેટ્રો કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. તેમાં યુનવર્સિટીએ બંને નેતાઓ પર આરોપ લગાવ્યો હતો કે પીએમ મોદીની ડિગ્રી પર સવાલ ઉઠાવીને તેમણે યુનિવર્સિટીને બદનામ કરી છે. મેટ્રો કોર્ટમાં સુનાવણી બાદ બંને નેતાઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં અરવિંદ કેજરીવાલે તેના વિરુદ્ધ મેટ્રો કોર્ટમાં અરજી દાખલ કરી પોતાની અને સંજય સિંહ માટે અલગ અલગ સુનાવણીની માગ કરી હતી. જો કે મેટ્રો કોર્ટે તેમની આ અરજી ફગાવી દીધી હતી. ત્યાર બાદ તેમણે અમદાવાદ સેશન કોર્ટમાં ૩૦૮ દિવસ બાદ રિવ્યૂ પિટીશન દાખલ કરી હતી અને મોડું કરવા બદલ માફી માગી હતી. તો વળી સંજય સિંહે ૩૪૬ દિવસ બાદ રિવ્યૂ પિટીશન દાખલ કરી હતી.

---

# ૧ એપ્રિલ, ૨૦૨૫ થી સુરત સ્ટેશન પર મોટાભાગની ટ્રેનોના સ્ટોપેજ પુનઃ સ્થાપિત કરવામાં આવશે

। સુરત, તા.૨૬ ।

સુરત સ્ટેશન નું પૂર્ણ રૂપે કાયાકલ્પ થઈ રહ્યું છે અને તેને વિશ્વ કક્ષાના સ્ટેશનના રૂપ માં વિકસિત કરવામાં આવી રહ્યું છે. સુરત સ્ટેશન ના પુનઃવિકાસ હેઠળ, પ્લેટફોર્મ નં. ૨ અને ૩ (Vus-II) પર કોનકોર્સનું કામ પૂર્ણ થઈ ગયું છે. આને ધ્યાનમાં રાખીને, જે ટ્રેનો ને અસ્થાયી રૂપે વૈકલ્પિક સ્ટેશનો પર સ્થાનાંતરિત કરવામાં આવી હતી તેમાંથી મોટાભાગની ટ્રેનો નું ૧ એપ્રિલ, ૨૦૨૫ થી સુરત સ્ટેશન પર પરિચાલન ફરી શરૂ થશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પર ચાલી રહેલા સુરત સ્ટેશન પુનઃવિકાસ કાર્યનો બીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ કાર્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા બ્લોકને કારણે જે ટ્રેનોને અસ્થાયી રૂપે વૈકલ્પિક સ્ટેશનો પર સ્થાનાંતરિત કરવામાં આવી હતી તેમાંથી મોટાભાગની ૧ એપ્રિલ, ૨૦૨૫ થી પરિચાલન ફરી કાર્યરત થશે. જોકે, એવી માહિતી આપવામાં આવે છે કે તાપ્તી લાઈન પરની બધી ટ્રેનો (નંદુરબાર/ જલગાંવથી આવતી અને જતી) ઉધના સ્ટેશન પર સ્ટોપેજ ચાલુ રહેશે.

આ ટ્રેનોના પુનઃસ્થાપન અંગેની વિગતવાર માહિતી પરિશિષ્ટ ના રૂપે જોડાયેલ છે:

પરિશિષ્ટ I : સાર્વજનિક સમય સારણી ની સાથે સુરત સ્ટેશન પર રોકાણ કરનારી અપ ટ્રેનો

પરિશિષ્ટ II : સુધારેલા સાર્વજનિક સમય સારણી ની સાથે સુરત સ્ટેશન પર રોકાણ કરનારી અપ ટ્રેનો

પરિશિષ્ટ III : સાર્વજનિક સમય સારણી ની સાથે સુરત સ્ટેશન પર રોકાણ કરનારી ડાઉન ટ્રેનો

પરિશિષ્ટ IV : સુરત સ્ટેશન પર રોકાણ કરનારી ડાઉન ટ્રેનો

પરિશિષ્ટ V : સુરત સ્ટેશન થી/પર લંબાવવામાં/સ્થાનાંતરિત કરવામાં આવેલી મેમૂ /પેસેન્જર ટ્રેનો

પરિશિષ્ટ VI : ઉધના સ્ટેશન થી/પર શોર્ટ ઓરિજિનેટ/ટર્મિનેટ થનારી ટ્રેનો

પરિશિષ્ટ VII : ઉધના સ્ટેશન પર રોકાણ કરનારી ટ્રેનો

પરિશિષ્ટ VIII : તાપ્તી બાઉન્ડ અપ અને ડાઉન ટ્રેનો જેના ઉધના સ્ટેશન પર સ્ટોપેજ ચાલુ રહેશે.

પરિશિષ્ટ IX : મુખ્ય લાઇન ની ટ્રેનો જે અપ દિશા માં ઉધના અને સુરત સ્ટેશનો પર રોકાશે અને ડાઉન દિશામાં ઉધનામાં રોકાશે નહીં.

આ ટ્રેનોની વિગતો પશ્ચિમ રેલ્વેની સત્તાવાર વેબસાઈટ, wr.indianrailways.gov.in પર પણ અપલોડ કરવામાં આવી છે.

